February 2019

# પાટણ પ્રતિબિંબ
# PATAN PRATIBIMB

Year 13 ● Issue 04 / 144

શ્રી પાટણ જૈન મંડળનું મુખપત્ર

● Mumbai ● Page 16 ● Price Rs. 2/-
● RNI. Regd. No. MAHGUJ/2006 / 18379

ટેલિફોન : 22811346 ● 22811218 ● Mobile: 9167902267 ● www.patanmandal.org ● Email : patanmandal@gmail.com

## પ્રમુખ સ્થાનેથી...



પુલવામામાં પાકિસ્તાનપ્રેરીત ત્રાસવાદીઓના હુમલામાં આપણા ૪૦ જવાનો શહીદ થયા. આ સદ્‌ગત જવાનોના આત્માને શાંતિ મળે એવી પ્રાર્થના.

**૧૦ ફેબ્રુઆરી, વસંત પંચમીના દિવસે યશવંતરાવ ચવ્હાણ હોલમાં ભવિષ્યના વીસેક વર્ષમાં સંસ્થાએ સમાજ માટે લેવા જોઈતા પ્રોજેક્ટો બાબત દાતાશ્રીઓ અને કાર્યકરો સાથે ચર્ચામાં** બે મહત્વના તારણ ઉપર સૌ આવ્યા (૧) સમાજના કેટલાક સભ્યોએ હજુ સુધી મેડિક્લેઈમ પોલીસી કઢાવી નથી એટલે એમને વર્તમાન તેમજ ભવિષ્યમાં મેડિક્લેઈમ પોલીસીની આવશ્યકતા બાબત જાગૃત કરવા અને જે સભ્યો મેડિક્લેઈમ પોલીસીનું પુરુ પ્રિમિયમ ભરવામાં આર્થિક મુશ્કેલી અનુભવતા હોય તેમને સંસ્થા દ્વારા પ્રિમિયમમાં રાહત થાય તે બાબત અપાતી સહાય વિશે વાકેફ કરવા. આ માટે કમિટિ બનાવી એક સમય મર્યાદાની અંદર સૌને મેડિક્લેઈમથી આવરી લેવા તેમ નક્કી થયું. (૨) શિક્ષણ ક્ષેત્રે આપણે વિદ્યાર્થીઓને મદદ કરીએ છીએ પરંતુ ઉચ્ચ શિક્ષણ અને વિદેશમાં ભણવા માટે થતાં મોટા ખર્ચને પહોંચીવળવા પાટણ બેન્ક સાથે વાટાઘાટ કરી સસ્તાદરની લોન અપાવવી અને સંસ્થાનું શૈક્ષણિક ભંડોળ સદ્ધર કરવા તેમજ અન્ય કોરપસ ફંડોને પણ મજબુત કરવા અને શતાબ્દી ઉજવણીના ખર્ચને પહોંચીવળવા રૂા. ૫ લાખના ૧૦૦ દાતાઓ પાસેથી ફંડ ભેગુ કરવું.

**તા. ૧૬-૦૨-૨૦૧૯ના પાટણમાં સંસ્થાના વિવિધ કાર્યક્રમો અન્વયે આપણી બી.ડી.એસ. વિદ્યાલયમાં ઈલેક્ટ્રોનિક બોર્ડ દ્વારા સ્માર્ટ ક્લાસીસ** શરૂ કરવામાં આવેલ છે તેનું ઉદ્‌ઘાટન કરવામાં આવેલ. આવા ડિજીટલ ક્લાસ શરૂ કરવામાં આર્થિક સહયોગ આપનાર સર્વે દાતાઓનો હું આભાર માનું છું.

પાટણ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત નર્સરીથી ધોરણ આઠ પર્યન્તનું શિક્ષણ આપતી **એન.એસ.સુરમ્ય બાલવાટિકાને પોતાની સ્વ. પત્ની શ્રીમતી નીરૂબેનનું નામ જોડવા શાંતિનાથની પોળના શ્રી સેવંતીલાલ દલપતચંદ શાહ (વડોદરા) દ્વારા કુલ ૩૨ લાખ રૂપિયાનું દાન પ્રાપ્ત થયેલ,** તેમનો પણ હું આભારી છું. એજ દિવસે શ્રી પાટણ જૈન મંડળ દ્વારા ઉતારવામાં આવેલ **ઐતિહાસિક કેપ્સ્યુલ મેમોરીયલનું ઉદ્‌ઘાટન કરાયેલ અને વિજય મુહુર્તમાં બી.કે. સાલવી એજ્યુકેશન કેમ્પસ અને આર્ટ્સ, સાયન્સ અને કોમર્સ કોલેજોની ઈમારતોનું ભવ્ય ઉદ્‌ઘાટન** પાટણના તેમજ મુંબઈથી પધારેલ અગ્રણીઓની હાજરીમાં સુંદર રીતે સંપન્ન થયું. તે બદલ હું શ્રી કાંતિલાલ નાનાલાલ સાલવી પરિવાર, એસ.કે. પરિવાર, શ્રીમતી સુભદ્રાબેન રમણલાલ પોપટલાલ શાહ પરિવાર તથા શ્રીમતી વસુમતીબેન સેવંતીલાલ અંબાલાલ પરિવારોનો હૃદયપુર્વક આભાર માનું છું અને આ વિદ્યા સંકુલ શિક્ષણ ક્ષેત્રે વટવૃક્ષ બને તેવી શુભેચ્છા વ્યક્ત કરું છું.

**સોમીરા પાટણ પ્રિમિયર લીગની સેમીફાઈનલ તેમજ સિનિયર સીટીઝનની મેચો આનંદ તેમજ ઉલ્લાસ ભર્યા વાતાવરણમાં સંપન્ન થઈ તેનો મને આનંદ છે.**

શ્રી પાટણ જૈન મંડળની સેવાની કદર રૂપે **પાટણમાં તા. ૧૭-૦૨-૨૦૧૯ના સવારે ૧૦.૩૦ કલાકે ફાટીપાળ દરવાજાથી સરસ્વતી નદી સુધીના માર્ગને ''શ્રી પાટણ જૈન મંડળ માર્ગ'' નામ આપવામાં આવ્યું. તે બદલ પાલિકા પ્રમુખશ્રી મહેન્દ્રભાઈ કે. પટેલ** તથા સૌ સુધરાઈ સભ્યોનો હું હાર્દિક આભાર માનું છું.

શતાબ્દી ઉજવણી વર્ષમાં આગામી કાર્યક્રમોની માહિતી પ્રતિબિંબના માધ્યમથી મેળવી સમાજના સૌ આ કાર્યક્રમોમાં સહભાગી થાય એવો અભિગમ રાખવા સૌને વિનંતી છે.

❑ દિનેશ શાંતિલાલ શાહ

**કોમ્પ્યુટર દ્વારા અંગ્રેજી ભાષામાં પત્ર વ્યવહાર કરી શકે તેવા ગુજરાતી ભાઈ/બહેન ની શ્રી પાટણ જૈન મંડળ મુખ્ય કાર્યાલયમાં જરૂર છે.**

**સંપર્ક કરો એડમિનિસ્ટ્રેશન સેક્રેટરી**

**શ્રી અશ્વીનભાઈ શાહ મો. 9322229411**

**શ્રી શૈલેષભાઈ શાહ મો. 9821023693**

# શ્રી પાટણ જૈન મંડળ શતાબ્દી ઉજવણી નિમિત્તે દાતાશ્રી-કાર્યકરોનું સ્નેહમિલન




મંચસ્થ મહાનુભાવો



ઉપસ્થિત દાતાશ્રીઓ અને કાર્યકરો

શ્રી પાટણ જૈન મંડળ દ્વારા સંસ્થાને આગામી દ્વિતિય શતાબ્દીની ભવ્ય ઉજવણી સંદર્ભે તથા સુચારું આયોજન માટે આર્થિક તેમજ વહિવટી આંચ ન આવે, તેમજ સમાજના પરિવારોની શૈક્ષણિક, મેડીકલ તેમજ સરળ ગુજરાન ચલાવવા જરૂરી સહાય માટે ઠેર ઠેર હાથ લંબાવવો ન પડે, તેવા દીર્ઘદ્રષ્ટિપૂર્વકના આયોજનો માટે હાલના તબક્કે ઉપસ્થિત થયેલ પ્રશ્નોના ઉપાય તેમજ ઉકેલ લાવવા સમાજના સુખી - સંપન્ન દાતાઓ તથા કાર્યકરો સાથે **રવિવાર તા. ૧૦-૦૨-૨૦૧૯ના સવારે યશવંતરાવ ચવ્હાણ પ્રતિષ્ઠાન ખાતે સ્નેહ મિલનનું આયોજન** કરવામાં આવેલ, જેમા ૫૦ સદસ્યો ઉપસ્થિત રહેલ. કાર્યક્રમનો પ્રારંભ શ્રીમતી ચારુબેન તુષારભાઈ શાહ, શ્રીમતી પ્રીતિબેન ઉમેશભાઈ શાહ તથા શ્રીમતી નીપાબેન દિનેશભાઈ શાહ દ્વારા નવકારમંત્રના સ્મરણ સાથે કરવામાં આવેલ.

**મંડળના માનદમંત્રી (એડમી) શ્રી અશ્વીનભાઈ પનાલાલ શાહ** દ્વારા ઉપસ્થિત આમંત્રિતોને આવકાર તેમજ કાર્યક્રમનું સંચાલન તથા આભારવિધિ કરવામાં આવેલ. આ પ્રસંગે મંડળની વિવિધ સહાયક પ્રવૃત્તિઓ અંગેની પાવરપોઈન્ટ પ્રેઝન્ટટેશન શિક્ષણ સમિતિના માનદમંત્રી **શ્રી હિતેનભાઈ પ્રવિણચંદ્ર ઝવેરી** દ્વારા આપવામાં આવ્યું.

મંડળના સિનિયર એડવાઈઝર **શ્રી રાજેન્દ્રભાઈ જયંતિલાલ શાહ** દ્વારા મંડળની શતાબ્દી ઉજવણી અંગેની પૂર્વભૂમિકા વિશેનો આછેરો ચિતાર આપવામાં આવેલ. સંસ્થાના **પ્રમુખશ્રી દિનેશભાઈ શાંતિલાલ શાહ** દ્વારા મંડળની પ્રવૃત્તિઓ અને પ્રગતિ અંગે જાણકારી અપાઈ.

સંસ્થાના ટ્રસ્ટી **શ્રી ભરતભાઈ નેમચંદ શાહ** દ્વારા શિક્ષણ સહાય, મેડીકલ સહાય તથા મેડિક્લેઈમ વિશેના આંકડાઓ અંગે પૃચ્છા કરવામાં આવતાં, મડિકલ સમિતિના **માનદમંત્રી શ્રી સંજયભાઈ રમેશચંદ્ર શાહ, શ્રી દિનેશભાઈ રમણલાલ શાહ તથા ઉપપ્રમુખ શ્રી ચંદ્રવદન સારાભાઈ શાહ** દ્વારા તેના વિગતવાર માહિતી આપવામાં આવેલ. તથા સમાજના દરેક જરૂરિયાતમંદ પરિવારને રૂા. બે લાખ પર્યંતનો મેડિક્લેઈમ લેવો અનિવાર્ય છે જેના પ્રિમિયમની રકમ મંડળના નિતિનિયમ અનુસાર આપવાનું નક્કી કરવામાં આવેલ.

ઉપપ્રમુખ **શ્રી દિપકભાઈ રેવંતીલાલ શાહ** દ્વારા સમાજ ઉત્કર્ષ પ્રવૃત્તિઓ વિશેની વિગતવાર માહિતીઓ આપવામાં આવી હતી.

સંસ્થાના ઉપપ્રમુખ **શ્રી વિરેન્દ્રભાઈ પોપટલાલ શાહ** દ્વારા વર્તમાન ભંડોળ તથા નાણાંરોકાણ ઈત્યાદિની ચાલુ વર્ષની આંકડાકીય માહિતીના આધારે ભવિષ્યના આવક-ખર્ચની વિગતો રજૂ કરવામાં આવેલ.

શ્રી પાટણ જૈન મંડળની ૧૦૬ વર્ષની ઉજ્જવળ કારકીર્દિને બીરદાવવા આગામી સમયમાં ભવ્ય શતાબ્દિ ઉજવણી કરવાનું આયોજન ગોઠવવામાં આવશે. તેના વિશાળ ખર્ચ તથા મંડળની સહાયક પ્રવૃત્તિઓના ભંડોળને વધુ મજબુત બનાવવા સમાજના વધુમાં વધુ પરિવારો સહભાગી થઈ શકે તેવા શુભ આશયથી **રૂા. ૫ લાખના એકસો (૧૦૦) દાતાઓ પાસેથી દાન એકત્રિત કરવાનું નક્કી કરવામાં આવ્યું.** જેને ઉપસ્થિત દાતાપરિવારજનો તરફથી ઉત્કૃષ્ટ પ્રતિસાદ મળ્યો હતો અને ૨૫ દાતાઓ દ્વારા **રૂા. ૧.૨૫ કરોડના દાનના વચનનો પ્રાપ્ત થયેલ છે.** તે સર્વે દાતાઓ પ્રતિ આભાર વ્યક્ત કરવામાં આવે છે.

**આ અવસરે ઉપસ્થિત સમાજના મોભીઓ દ્વારા ઉપપ્રમુખ શ્રી તુષારભાઈ પ્રવિણચંદ્ર શાહ તથા શ્રી યશવંતભાઈ હરિલાલ ઝવેરી ઉપરાંત શ્રી પ્રદિપભાઈ રમણલાલ શાહ, શ્રી કંદર્પભાઈ સેવંતીલાલ ખાંડવાલા, શ્રી નિખીલભાઈ રવિન્દ્રભાઈ શાહ, શ્રી હેમંતભાઈ કાંતિલાલ શાહ(સાલવી), શ્રી નીખીલભાઈ મહેન્દ્રભાઈ બેન્કર, શ્રી ઉમેશભાઈ રમણલાલ શાહ, શ્રી દિપકભાઈ કીર્તિકુમાર શાહ દ્વારા સંસ્થાની પ્રગતિ અને સમાજના વિકાસ માટે વિવિધ સુચનો કરવામાં આવેલ.**


**CHETAN SHAH**
For Transfer Of Physical Shares to Demat.
Transmission / Transposition Of Shares
Getting Duplicate Share Certificate
for Lost Certificate
Any Other Matter Related to Shares.
Contact :
**Mob. No. 7303265590, Tel. 02266108465**
ADVT

**MATRIMONIAL**
**Name** : **NIRAV DEEPAKBHAI SHAH**
**Parents** : Smita Deepakbhai Hasmukhbhai Shah
**DOB** : 17th November, 1982 (Mumbai)
**Height** : 5'7" • **Native Place :** Patan
**Qualification** : S.S.C • **Moholla :** Chodhrini Sheri
**Professional** : Business • **Resi :** Marine Drive
**Mobile : Smita - 9819062129 • Nirav - 9820359812**
ADVT

# પાટણ એજ્યુકેશન સેન્ટર, કોલેજ ઈમારતોના ઉદ્‌ઘાટન સમારોહનો અહેવાલ



પ.પૂ. શ્રી ચારિત્રરત્ન વિજયજી મ.સા. સાથે દાતા પરિવારજનો

શ્રી પાટણ જૈન મંડળ તેની સ્થાપનાથી જ શૈક્ષણિક પ્રવૃત્તિઓનો પ્રારંભ કરેલ તેમાં મુખ્યત્વે પાટણ ખાતે ભોગીલાલ દોલતચંદ સાર્વજનિક વિદ્યાલય અને શ્રી પાટણ જૈન મંડળ છાત્રાલય-બાળાશ્રમ વિદ્યાર્થીઓને રહેવા - જમવાની પ્રવૃત્તિઓ સફળતાપૂર્વક કરી રહેલ.

લગભગ પાંચેક વર્ષ પહેલા પાટણ ખાતે સંસ્થાના કેમ્પસમાં જ એક કોલેજ હોય તેવો વિચાર સ્ફુર્યો અને તે અંગેની બૃહદ ચર્ચા વિચારણાઓ પશ્ચાત સંસ્થાએ પાંચ એકરની ભૂમિ કોલેજ માટે ફાળવતાં **તા. ૧૬-૧૨-૨૦૧૫ના ગુજરાત રાજ્યના ગર્વનર શ્રી ઓ.પી. કોહલી સાહેબના હસ્તે કોલેજ ઈમારતોનું ભૂમિપૂજન કરવામાં આવ્યું અને હંગામી ધોરણે વિદ્યાલયના મકાનમાં આર્ટસ, સાયન્સ - કોલેજ એમ ત્રણ વિભાગોમાં કોલેજનો આરંભ પણ કરવામાં આવ્યો.**

પ્રારંભિક તબક્કે વિદ્યાર્થીઓ, શાળાના તેમજ કોલેજના આચાર્ય તથા શિક્ષકગણના સંનિષ્ઠ પ્રયાસોના પરિણામે વિદ્યાર્થીઓની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો કરવામાં સફળતા મેળવી. ત્રણેય વિભાગોની સ્વતંત્ર ઈમારતોનું કામકાજ માત્ર સાડા ત્રણ વર્ષમાં પરિપૂર્ણ થતાં **તા. ૧૬-૦૨-૨૦૧૯ના સપરમાં દિને પાટણ ખાતે તેનું ઉદ્‌ઘાટન સમારોહનું ભવ્ય આયોજન કરવામાં આવેલ. જેમાં સર્વ પ્રથમ શ્રી બી.કે. સાલવી એજ્યુકેશન કેમ્પસ, કુલપતિ ડૉ બાબુભાઈ પ્રજાપતીના વરદ હસ્તે ખુંલ્લો મુકવામાં આવ્યો** અને શ્રી સરસ્વતી દેવી તથા શ્રીમતી ભગવતીબેન કાંતિલાલ સાલવીના અર્ધપ્રતિમાને શ્રી હેમંતભાઈ સાલવી પરિવાર દ્વારા ફુલહાર અર્પણ કરવામાં આવેલ. ત્યારબાદ અનુક્રમે પ્રદિપ કોલેજ ઓફ કોમર્સ, એસ.કે. કોલેજ ઓફ સાયન્સ તથા વસુમતી કોલેજ ઓફ આર્ટસની નવ નિર્મિત ઈમારતોનો **પ.પૂ. જૈનાચાર્ય શ્રી જયન્તસેન સૂરિશ્વરજી મ.સા.ના શિષ્ય મુનિરાજ શ્રી ચારિત્રરત્ન વિજયજી મ.સા. (ત્રિસ્તુતિક સમુદાય)ના વાસક્ષેપ તથા માંગલિક ઉચ્ચારણ** બાદ દાતા પરિવારજનોના વરદ હસ્તે ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું.

સ્ટેજ કાર્યક્રમના પ્રારંભમાં પ.પૂ. મહારાજ સાહેબના મુખે મંગલાચરણ કરવામાં આવેલ. મંડળના પ્રમુખ શ્રી દિનેશભાઈ શાંતિલાલ શાહ તથા ઉપપ્રમુખ શ્રી વિરેન્દ્રભાઈ પોપટલાલ શાહ દ્વારા પ્રાસંગિક ઉદ્‌બોધન કરવામાં આવેલ જેમાં તેઓએ કોલેજના દાતાઓનો આભાર માનવા સાથે જણાવ્યું, પાટણની ધરતીમાં જે અણુ-પરમાણુ વસેલા છે તેવી ધર્મનગરી પાટણ સાથે સાહિત્યની, શિક્ષણની નગરી રહેલ છે, જ્યાં **કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય દ્વારા સંપાદિત સિદ્ધહેમ શબ્દાનુસાશન વ્યાકરણ ગ્રંથને હાથીની અંબાડી ઉપર આરૂઢ કરી સમગ્ર શહેરમાં શોભા યાત્રા તરીકે ફેરવી સમગ્ર ગુજરાતમાં ડંકો વગાડ્યો હતો.** ત્યા આજે આ ત્રણેય કોલેજની ઈમારતોનું વિધીવત ઉદ્‌ઘાટન કરવામાં આવતા અત્યંત હર્ષની લાગણી અનુભવી રહ્યા છીએ. આ ત્રણેય કોલેજોની પણ રાષ્ટ્રભરમાં કીર્તિ પ્રસરે તેવી શુભેચ્છાઓ આપવામાં આવેલ.

આ પ્રસંગે કોલેજ કન્વીનર અને મંડળના ટ્રસ્ટી શ્રી ભરતભાઈ નેમચંદ શાહ દ્વારા આમંત્રીતોનું શાબ્દિક સ્વાગત કરવામાં આવેલ. તેમજ કોલેજ પ્રોજેક્ટની પૂર્વભૂમિકાથી લઈ વર્તમાન અને ભવિષ્ય વિશેની ટૂંકમાં વિગતો રજુ કરવામાં આવેલ જેમાં... Education નો અર્થ થાય 'To Draw out' મતલબ કે શિક્ષકે ભણાવવું એ રીતે જોઈએ કે વિદ્યાર્થીના મનમાં સવાલો ઉઠે અને તેના જવાબો એ રીતે આપવા જોઈએ કે સવાલોની પરંપરા ચાલે, વિદ્યાર્થીના મનમાં જે છે તે બહાર આવવું જોઈએ.

હકીકત છે કે જો વ્યક્તિના ઈરાદા મક્કમ હોય તો દરેક મુશ્કેલીનો સામનો કરી લક્ષ પ્રાપ્ત કરી શકે છો. હવે તો પિતા કરતા પુત્ર અને શિક્ષક કરતા વિદ્યાર્થી વધુ નોલેજ ધરાવતો થયો છે. પંદર-વીસ વર્ષ પહેલા માસ્ટર ડીગ્રી મેળવનાર શિક્ષકની વિદ્યા આજેતો out of date



સાલવી પરિવાર દ્વારા દિપ પ્રાગટ્ય



એસ.કે. ટ્રસ્ટના ટ્રસ્ટીઓ શ્રી ભરતભાઈ અને શ્રી લલીતભાઈને મોમેન્ટો એનાયત કરતા ટ્રસ્ટી શ્રી પંકજભાઈ અને ઉપપ્રમુખશ્રી વિરેન્દ્રભાઈ



શ્રી હેમંતભાઈ સાલવીને મોમેન્ટો એનાયત કરતા પ્રમુખશ્રી દિનેશભાઈ અને ટ્રસ્ટીશ્રી ડૉ. જશવંતભાઈ

થઈ ગઈ છે શિક્ષકોએ પણ ભણવાનું ચાલુ રાખવું જોઈએ. વિદ્યાયાત્રા વિનાની જીવનયાત્રા અર્થહીન છે.

**at the end, on Positive note, speak 5 Lines to yourself every morning**

**(1) I am the best**

**(2) I can do it**

**(3) God is always with me**

**(4) I am a winner**

**(5) Today is my day**

**wishing you best value Education Thank you all.**

આ પ્રસંગે કોલેજ કેમ્પસના દાતા શ્રી હેમંતભાઈ દ્વારા પોતાના ઉદ્‌બોધનમાં જણાવવામાં આવેલ કે મારા માતુશ્રીએ શિક્ષણની મહત્તા તથા શિક્ષણ માટે કુટુંબ પ્રત્યેની જવાબદારી અંગેના સિંચેલા સંસ્કારો તથા તે સમયમાં કોલેજના અભ્યાસ માટે પડેલી આર્થિક મુશ્કેલી આ સંકુલના અનુદાન માટે પ્રેરણા સ્ત્રોત છે.

અમારા કોલેજના ભણતર માટે અમારી સાલવી જ્ઞાતિ તરફથી લેવી પડેલી લોન દિલ અને દિમાગમાં ખુબ જ નાની ઉંમરમાં ઘર કરી ગયેલ અને પરમાત્માને હંમેશા પ્રાર્થના કરેલ કે ભવિષ્યમાં શૈક્ષણિક ક્ષેત્રે સમાજમાં મદદરૂપ થવાની શક્તિ અને બળ આપે. આજે આ પ્રાર્થના ફળિભૂત થઈ છે. આ માટે હું શ્રી પાટણ જૈન મંડળનો હૃદયપૂર્વક આભાર માનું છું. **પાટણથી અંદાજીત ૫૦ કિ.મી. ના અંતરે રાંતેજ તીર્થ આવેલ છે જેમાં લગભગ ૭૫૦ વર્ષ પ્રાચીન 'મા સરસ્વતી' બિરાજમાન છે. જેની આબેહુબ મુર્તિ આ સંકુલમાં સ્થાપન કરેલ છે.** માટે સમગ્ર ઉત્તર ગુજરાતની શ્રેષ્ઠ વિદ્યાનગરી થવાનું સૌભાગ્ય પણ આ સંસ્થાને પ્રાપ્ત થાય તેવી 'મા સરસ્વતી'ને પ્રાર્થના...

**સાયન્સ કોલેજના દાતા પરિવારના શ્રી બીપીનચંદ્ર નેમચંદ શાહ દ્વારા શિક્ષણની અનિવાર્યતા અને કોલેજોમાં કઈ રીતનું શિક્ષણ આપવુ જોઈએ તે અંગેની વિસ્તૃત છણાવટ કરવામાં આવેલ.**

**કોમર્સ કોલેજના દાતા શ્રી પ્રદિપભાઈ રમણલાલ શાહ દ્વારા પોતાના ઉદબોધનમાં જણાવવમાં આવેલ** કે, મારા પરમ પૂજ્ય પિતાશ્રી તથા માતુશ્રીની વિદ્યાદાન માટે અપ્રતિમ લાગણી હતી. કોઈપણ વ્યાપાર માટે કોમર્સનું જ્ઞાન હોવું જરૂરી છે. મારી ધર્મપત્ની, ભાઈઓ તથા પરિવાર સાથેના વિચાર વિમર્શ બાદ પ્રદિપ કોલેજ ઓફ કોમર્સ અસ્તિત્વમાં લાવવાની અમારા પરિવારની મહેચ્છા આજે પરિપૂર્ણ થઈ છે. સંસ્થા તથા દાતાઓ વચ્ચેની અતુટ કડી બનનાર શ્રી તુષારભાઈની સમાધાનકારી સ્પષ્ટ વિચારધારા અને સહકારને આ પ્રસંગે હું બિરદાવું છું.

**આર્ટ્સ વિભાગના દાતા પરિવારના શ્રી રવિભાઈ સેવંતીલાલ શાહ દ્વારા પોતાના ઉદ્‌બોધનમાં જણાવવામાં આવેલ** કે આચાર્ય શ્રી હેમચંદ્રાચાર્યના યુગમાં પાટણની જે વિદ્યાનગરી રૂપે ચોમેર પ્રસિદ્ધિ થયેલ તેવા જ અણસાર આ વર્તમાન યુગમાં હવે મંડરાઈ રહ્યા છે. આજે અહીં ૨૦ કોલેજો વિદ્યમાન છે જેમાં નજદિકના ગામોથી આવીને બાળકો અભ્યાસ કરી રહેલ છે.

મારા પૂજ્ય પિતાશ્રીએ પણ આ જ કેમ્પસમાં રહી અભ્યાસ કરેલ



શ્રી રવિભાઈ, શ્રી શરદભાઈ તથા શ્રી જેશલભાઈને મોમેન્ટો એનાયત કરતા શ્રી તુષારભાઈ તથા શ્રી અશ્વીનભાઈ



શ્રી પ્રદિપભાઈ તથા શ્રીમતી પ્રવિણાબેનને મોમેન્ટો એનાયત કરતા ઉપપ્રમુખ શ્રી દિપકભાઈ તથા શ્રી ચંદ્રવદનભાઈ



**શ્રી વિરેન્દ્રભાઈ પી. શાહ**



**શ્રી બીપીનભાઈ એન. શાહ**



**આચાર્ય ડૉ. કમલભાઈ પંડ્યા**



**ડૉ. બીપીનભાઈ દોશી**

છે. મારા માતુશ્રી પણ ઉચ્ચ વિચારધારક હતા તેમણે ફીલોસોફી અને ધાર્મિક અભ્યાસ કરેલ છે, તેમના જ વારસાના પરિણામે આજે હું અહીં આપની સમક્ષ ઊભો છું ને બાળકોને શિક્ષણક્ષેત્રે મદદરૂપ થવા સક્ષમ બન્યો છું મને આશા છે આ કોલેજમાં ભણનાર નોર્થ ગુજરાતના યુથને ઝગમગતું ભવિષ્ય બનાવવાનો પાસપોર્ટ બની રહે.

**કોલેજના પ્રિન્સીપાલ ડો. કમલભાઈ પંડ્યા દ્વારા કોલેજની પ્રારંભાયેલ યાત્રાની સંક્ષિપ્તમાં માહિતી આપેલ,** જેમાં ચારેય દાતાઓ દ્વારા પ્રાપ્ત થયેલ સહકાર અને કોલેજના શિક્ષક વર્ગ તરફથી પ્રાપ્ત થયેલ ઉત્કૃષ્ટ સહયોગના કારણે આજે આ લેવલ પર્યન્ત પહોંચી શક્યા છીએ તે બદલ તેઓ સૌ પ્રત્યે આભાર વ્યક્ત કરવામાં આવેલ.

આજના પ્રસંગે હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સીટીના વાઈસ ચાન્સેલર શ્રી બાબુભાઈ પ્રજાપતિ દ્વારા કોલેજના પ્રારંભને આર્શિવચનથી વધાવવામાં આવેલ.

આજના **મુખ્ય અતિથિ અને કી નોટ સ્પીકર ડૉ. બીપીનભાઈ દોશી દ્વારા પોતાના ઉદ્‌બોધનમાં શિક્ષણ ક્ષેત્રની ત્રુટીઓ, વધતી ટેક્નોલોજી વગેરેનો તાલમેલ કરવો અનિવાર્યતા ઉપર ધ્યાન કેન્દ્રિત કરેલ.**

આ પ્રસંગે મંડળના ઉપપ્રમુખ શ્રી તુષારભાઈ પ્રવીણચંદ્ર શાહ દ્વારા કોલેજના ચારેય દાતા પરિવારોનો સંક્ષિપ્ત પરિચય આપવામાં આવેલ, તેમજ અનુક્રમે મંડળના પ્રમુખ શ્રી દિનેશભાઈ, શ્રી વિરેન્દ્રભાઈ, ડો. જશવંતભાઈ, શ્રી પંકજભાઈ, શ્રી ચંદ્રવદનભાઈ, શ્રી દિપકભાઈ, શ્રી અશ્વીનભાઈ તથા શ્રી તુષારભાઈના વરદહસ્તે શાલ ઓઢાડી તથા મોમેન્ટો એનાયત કરી અભિવાદન કરવામાં આવેલ.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી દિલીપભાઈ રાવલ દ્વારા તેમજ આભારવિધી શ્રી શરદભાઈ સેવંતીલાલ શાહ દ્વારા કરવામા આવેલ.

આ પ્રસંગે મુંબઈ તેમજ અન્ય સ્થળોએથી મંડળના હોદ્દેદારો, વ્યવસ્થાપક સમિતિ તથા દાતા પરિવારજનો, આમંત્રીતો તથા અન્ય ભાઈ-બહેનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેલ.

ત્યારબાદ શ્રી પાટણ જૈન મંડળ દ્વારા રાખવામાં આવેલ સ્વરૂચી ભોજનનો રસાસ્વાદ માણી સંસ્થાના ઈતિહાસમાં સદાય સુવર્ણ પૃષ્ઠ બની રહેનાર આજના દિવસની મધુર યાદોને વાગોળતા સૌ ખુશનુમા વાતાવરણમાં વિખરાયા.

કોલેજોની ઈમારતોના ઉદ્‌ઘાટનની ઉજવણીને ઉત્સવમાં ફેરવવા સાંજના ૭.૦૦ કલાકે વર્લ્ડ હેરીટેજમાં સ્થાન પામેલ પાટણ ખાતેની રાણકીવાવ ખાતે સંગીત સભર મનોરંજન પીરસવા ખુલ્લા આકાશ તળે એક મનમોહક કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ જેમાં કલાકારોએ ગુજરાતી તેમજ હિન્દી ગીતોની રજુઆત કરી સર્વે શ્રોતાજનોને સંગીતની સ્વર યાત્રામાં તરબોળ કરેલ.

**આ પ્રસંગે રાણકીવાવને ચિત્ત આકર્ષક રોશનીથી શણગારવામાં આવેલ જેનો અલભ્ય નજારો જેણે માણી સેલ્ફીમાં પોતાના સ્વજનો સાથે ફોટા મઢેલ.**

આ પ્રસંગે યોજાયેલ અલ્પાહારના સૌજન્યદાતા ચારેય કોલેજના દાતા પરિવારજનો રહેલ.



**રોશનીથી ઝગમતી વર્લ્ડ હેરીટેજ રાણકી વાવ (પાટણ)**

# કેપ્સ્યુલ મેમોરિયલ ઉદ્‌ઘાટન અહેવાલ



કેપ્સ્યુલ મેમોરિયલના યુનિટનું ઉદ્‌ઘાટન કરતા મંડળના હોદ્દેદારો



શ્રી પાટણ જૈન મંડળના ગત ૧૦૦ વર્ષના ઈતિહાસનું મેમોરિયલ

શ્રી પાટણ જૈન મંડળ છેલ્લા ૧૦૬ વર્ષથી સમગ્ર દેશમાં રહેતા પાટણ જૈન સમાજને શિક્ષણ - મેડિકલ સહીતની અનેક સેવાઓ અર્પી રહી છે.

૧૦૬ વર્ષ પહેલાં સમાજ સેવાનું નાનકડું રોપેલું બીજ આજે વટવૃક્ષ બની અનેકોને છાંયો આપી રહ્યું છે. સંસ્થાનો ભુતકાળ ભવ્ય છે અને વર્તમાન સબળ છે, પરંતુ આવનાર ભવિષ્યકાળ એથી પણ વધુ ઉજ્જવળ બને તેવી દિર્ઘ દ્રષ્ટિ રાખી, આવનાર પેઢી સંસ્થાનો આ ઈતિહાસ જાણી શકે અને તેમાંથી પ્રેરણા લઈ શકે એવા શુભ આશયથી સંસ્થાનો **૧૦૩ વર્ષનો સંપૂર્ણ ઈતિહાસ કે જેમાં, સ્થાપનાથી આજ સુધીના અગત્યના ડોક્યુમેન્ટ્સ, વિવિધ પ્રવત્તિઓની માહિતી આપતી પુસ્તિકાઓ, બંધારણ સાહિત્ય, વસ્તી પત્રક સહીતના અનેક માહિતીસભર ગ્રંથો** આજથી ૨ વર્ષ પહેલા ફાયર પ્રુફ કેપ્સ્યુલ દ્વારા જમીનમાં ઈન્સ્ટોલ કારાયા હતા.

**આ ૩ કેપ્સ્યુલ અનુક્રમે ૫૦-૭૫ અને ૧૦૦ વર્ષ પછી આવનાર પેઢી તેને ખોલે તેવો પ્રબંધ અને લખાણો આ કેપ્સ્યુલ પર કરાયા હતાં.**

આ યાદગાર સંસ્મરણોનો સંગ્રહ ૧૦૦ વર્ષ સુધી સચવાઈ રહે અને એક કાયમી સંભારણું બની રહે તે માટે આ સ્થળ પર એક મેમોરીયલ યુનિટ ઊભુ કરવાનું નક્કી કરાતા તેને ખુબજ ટૂંક સમયમાં તૈયાર કરાયું.

પાટણ બોર્ડીંગ સંકુલમાં દેરાસરની નજીક તૈયાર કરાયેલું આ મેમોરિયલ યુનિટની ડિઝાઈન અને તેનું બાંધકામ એટલું બધું આકર્ષક બન્યું છે કે પાટણ જતાં પટ્ટણીઓ માટે આ એક દર્શનીય સ્થળ બની રહેશે. આ મેમોરિયલ યુનિટમાં સંસ્થાનો ઈતિહાસ ગ્રેનાઈટની તક્તી પર કંડારવામાં આવ્યો છે. તેમજ તેની સામેની વિશાળ દિવાલ પર એક અદભુત ચિત્ર ધોળપુરી પત્થરમાં શિલ્પીઓ દ્વારા ઘડાયું છે જેમાં એક વટવૃક્ષની અનેક ડાળીઓ અને એ ડાળીઓના માધ્યમથી સંસ્થાની વર્તમાન દરેક પ્રવૃત્તિઓને આલેખાઈ છે.

આવા ભવ્ય મેમોરિયલ યુનિટનું ઉદ્‌ઘાટન ગત તા. ૧૬-૦૨-૨૦૧૯ના શનિવારના રોજ પાટણ ખાતે સંસ્થાના હોદ્દેદારો તથા સભ્યોની ઉપસ્થિતિમાં પ્રમુખશ્રી દિનેશભાઈ શાંતિલાલ શાહ દ્વારા થયું. ‘દિશા’ના દિવ્યાંગ બાળકોના બેન્ડની સુરાવલી વચ્ચે આ યુનિટ જ્યારે ખુલ્લું મુકવામાં આવ્યું ત્યારે ઉપસ્થિત સૌ કોઈએ રોમાંચ અનુભવ્યો હતો.

**મેમોરિયલની ઐતિહાસિક રચના આર્કીટેક શ્રી રાકેશભાઈ સોનીએ** ૨૫ દિવસમાં તૈયાર કરી આપી. આ યુનિટને તૈયાર કરવા પાછળ માનદમંત્રી શ્રી અશ્વીનભાઈ પન્નાલાલ શાહની છેલ્લા ૩ મહિનાની સતત મહેનત, ઉપપ્રમુખ શ્રી તુષારભાઈ પી. શાહ અને શ્રી રાજેન્દ્રભાઈ જે. શાહનું માર્ગદર્શન તેમજ સંસ્થાના મેનેજર શ્રી મનુભાઈ જોષી અને શ્રી જ્ઞાનેશભાઈનો અમુલ્ય સહયોગ મહત્વના રહ્યા છે. ભવિષ્યમાં આ સંકુલમાં પધારનાર હર કોઈ આ મેમોરિયલને જોવા જાણવાની જીજ્ઞાસાથી પધારેલ એવા વિઝનથી નિર્માણ થયેલ આ મેમોરિયલ પણ શતાબ્દી ઉજવણીનું નઝરાણું લેખાશે.



કેપ્સ્યુલ મેમોરિયલ ઉદ્‌ઘાટન પ્રસંગે આર્કિટેક શ્રી રાકેશભાઈ સાથે સંસ્થાના હોદ્દેદારો તથા આમંત્રિત મહેમાનો

## તંત્રી સ્થાનેથી...

# લાતો કે ભૂત, બાતો સે નહીં માનતે....

પુલવામામાં આપણા દેશના સી.આર.પી.એફ.ના જવાનો પર થયેલ ત્રાસવાદી હુમલામાં ૪૦ જવાનો શહીદ થયાં. આ ઘૃણાસ્પદ - હીચકારી ઘટનાના ૧૩ મે દિવસે આપણા દેશના હવાઈ દળે પાકિસ્તાનના બાલાકોટના પહાડોની વચ્ચે બનાવાયેલ આતંકવાદીઓના ટ્રેનીંગના એક વિશાળ અડ્ડા ઉપર ૧૦૦૦ કિલોના બોમ્બ ઝીંકી અંદાજે ૨૫૦ આતંકવાદીઓને **''યમલોક''** પહોંચાડી શ્રાદ્ધની ક્રિયા પૂર્ણ કરી. ઉપર્યુક્ત કૃત્ય કરીને ભારતીય હવાઈ દળે આપણા શહીદ જવાનોને દેશની ૧૩૦ કરોડ જનતા વતી સાચી શ્રદ્ધાંજલિ અર્પી. **''ક્યારેક લાંબા ગાળાની શાંતિ પ્રાપ્ત કરવા આવા હુમલા અનિવાર્ય હોય છે.''**

૧૯૯૦થી ભારત યેનકેન પ્રકારે પાકિસ્તાન પ્રેરીત આતંકવાદી હુમલાઓનો ભોગ બનતું રહ્યું છે. છેલ્લા થોડા સમયમાં પઠાણકોટ એરબેઝ પર, ઉરીમાં અને પુલવામામાંઆપણા જવાનો પર પાકિસ્તાનના પીઠ્ઠુઓ દ્વારા હુમલાઓ થયા. આ ઘટના ક્રમે આતંકવાદ પ્રત્યે **ઝીરો ટોલરન્સ** ધરાવતા દેશના વર્તમાન શાસકોને ત્રીજુ લોચન ખોલવા મજબુર કર્યા. **છેલ્લા ૩૦ વર્ષથી આતંકવાદીઓની હરકતોથી સમસમી રહેલી ભારતની પ્રજા, વર્તમાનનું દ્રઢ સંકલ્પવાળુ સબળ નેતૃત્વ અને આ બન્નેના સથવારે દેશનું શિસ્તબદ્ધ સૈન્ય 'આ પાર કે પેલે પાર'ના** સંકલ્પ સાથે દુશ્મન દેશને પાઠ ભણાવવા કટિબદ્ધ થયું.

ગત વર્ષે સર્જીકલ સ્ટ્રાઈક કરીને અને તાજેતરમાં પાકિસ્તાનની અંદર બાલાકોટના આતંકવાદી અડ્ડા ઉપર હવાઈ હુમલાથી વજ્રઘાત કરાયો. છેલ્લા કેટલાય વર્ષોથી પાકિસ્તાન પ્રેરિત આતંકવાદ હુમલાઓનો આપણા શાસકો યુનો(સલામતિ સમિતિમાં) તથા અંતરાષ્ટ્રિય મંચ પર જોરદાર વિરોધ જ નોંધાવતા, પરંતુ બદલાયેલા ભારતના શાસન-સમય અને સંજોગોમાં પાક પ્રમુખ ઈમરાનખાને વિશ્વમાં ભારતથી બચવા આજીજી કરવી પડે એવા હાલ થયા છે. આર્થિક રીતે દેવાળીયો બની ગયેલ પાકિસ્તાન આતંકવાદને પોષે છે. એ વાત આખી દુનિયા કબુલે છે એટલે પાકિસ્તાનની પડખે રહેવા કોઈ તૈયાર નથી. આતંકવાદીઓ તૈયાર કરી આખી દુનિયામાં ધર્મના નામે યુવાનોને બહેકાવી આતંકવાદી બનાવવાની ફેક્ટરીઓ ખોલનાર પાકિસ્તાનને **''હાથના કર્યા હૈયે વાગી રહ્યા છે.''**

**સરદાર પટેલ અને નેતાજી સુભાષ જેવું વ્યક્તિત્વ ધરાવતા આપણા વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી આતંકવાદીઓને પોષતા, પાળતા અને પંપાળતા પાકિસ્તાનને અંકુશમાં રાખવા કટીબદ્ધ છે.** આપણા પાડોશી દેશની અવળચંડાઈને કાબુમાં રાખવા તેઓશ્રી દેશની સંરક્ષણ-આર્થિક તેમજ વિદેશ નિતીનો ચાણક્યની જેમ ઉપયોગ કરી, સંનિષ્ઠ પ્રયાસો કરી રહ્યા છે. દ્રઢ સંકલ્પ સાથે દેશ હિતના તેમના ઉપર્યુક્ત પ્રયાસોથી ૧૩૦ કરોડ દેશવાસીઓના જોમ-જુસ્સો અને વિશ્વાસ બેહદ વધ્યા જ છે. વડાપ્રધાનના રાષ્ટ્રહીતના આ ભગિરથ કાર્યમાં દેશને સફળતા અપાવવા દીર્ઘ દ્રષ્ટિ રાખી સૌ રાજકીય પક્ષો સંયમ સાથે સહકાર આપે તે અતિ આવશ્યક છે.

❑ **સંપાદક સમિતિ**


**PATOLA OF PATAN PVT. LTD**
(National Award Winner 1983-State Award Winner 2006)
Mfg. of Double Ikat Patola, Scarves, Borders, Dupattas, Tablecloth etc.

| Ashokbhai Salvi | Viral Salvi | Ujjaval Salvi | Nirmal Salvi |
|---|---|---|---|
| 09925233484 | 09925651695 | 09825448498 | 09898143484 |

**Tel (91-2766) 232172 / 222182**
Add: Patolawala Farm House, Out Side Fatipal Gate, Patan, (North Gujarat) - 384265 • visit us at : www.patolaofpatan.com
Email: viral@patolaofpatan.com • salvi.nirmal@gmail.com
ADVT

**શ્રી પાટણ પાંજરાપોળ સંચાલિત**
**શ્રીમતી કુસુમબેન અમૃતલાલ શાહ પશુ આશ્રય સંકુલ (ખલીપુર)**
આઝાદ ચોક, પીપળાશેરી, પાટણ (ઉ.ગુ.) - ૩૮૪૨૬૫ - ફોન (૦૨૭૬૬)૨૨૦૨૦૩

જાન્યુઆરી-૨૦૧૯, માસ દરમ્યાન રૂા. ૧૦,૦૦૦/- થી વધુ દાન આપનાર પુણ્યશાળીઓ

મુંબઈ કાર્યાલય:- ૫૨૦, પંચરત્ન, ઓપેરાહાઉસ, મુંબઈ - ૪૦૦૦૦૪. ફોન : ૮૮૨૮૧૫૦૦૮૭

| | |
|---|---|
| શ્રીમતી સુશીલાબેન વરજીવનદાસ શાહ (ખજુરીનો પાડો) | |
| હ. વિક્રમ, જયશ્રી, નીના, રાજેશ, શિલ્પા, પ્રકાશ, સમીર | ૧,૦૧,૦૦૦ |
| શ્રીમતી મીનાબેન નિરંજનભાઈ શાહ (મહાલક્ષ્મી મતાનો પાડો) | |
| સ્વ. શ્રી રૂપલબેન વિપુલભાઈ શાહ | ૫૧,૦૦૦ |
| હ. શ્રી વિપુલભાઈ, શ્રી સરયુબેન, શ્રી પ્રિયલબેન, શ્રી લલીતભાઈ | ૪૩,૦૦૦ |
| શ્રી મહેશ શાહ ચેરીટેબલ ટ્રસ્ટ | ૩૧,૦૦૦ |
| શ્રી સહસ્ત્રફણા પાર્શ્વનાથ જૈન દેરાસર ટ્રસ્ટ (બાબુલનાથ) | ૩૧,૦૦૦ |
| શ્રી મહાવીરનગર શ્વે. મુ. જૈન સંઘ (શંકરગલી-કાંદિવલી) | ૩૧,૦૦૦ |
| શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ (દાદર) | ૧૫,૦૦૦ |
| શ્રી કુણાલભાઈ એ. શાહ | ૧૧,૦૦૦ |
| શ્રી સોહીનીબેનના આત્મશ્રેયાર્થે, હ. શ્રી મોનાલીબેન સી. શાહ | ૧૧,૦૦૦ |
| સ્વ. શ્રીમતી કાંતાબેન નાનકચંદ શાહના આત્મશ્રેયાર્થે | |
| (કુંભારીયા પાડો) | ૧૧,૦૦૦ |
| શ્રી સ્મીતાબેન અરૂણકુમાર શાહ (તંબોલીવાડો) | ૧૧,૦૦૦ |
| શ્રી શિલ્પાબેન પ્રકાશભાઈ શાહ | ૧૧,૦૦૦ |
| M/s. Pack-Print Industries Ltd. | ૧૧,૦૦૦ |
| શ્રી નિતિનભાઈ રમણલાલ શાહ - કાંદિવલી | ૧૧,૦૦૦ |
| શ્રી શાંતિ ફાઉન્ડેશન (નેપયન્સી રોડ) | ૧૧,૦૦૦ |
| શેઠ મોતીશા ચેરીટેબલ અને રીલીજીયસ ટ્રસ્ટ | ૧૧,૦૦૦ |
| શ્રી વિજયભાઈ કે. ઝવેરી | ૧૧,૦૦૦ |
| સ્વ. શ્રી નિલેશભાઈ વિનુભાઈ શાહ | ૧૦,૦૦૦ |
| શ્રી દક્ષાબેન એચ. પટેલ | ૧૦,૦૦૦ |

સંસ્થાને આપેલ દાન ઈન્કમ ટેક્ષ એક્ટ 80G હેઠળ કરવેરામાં રાહતને પાત્ર છે ADVT

# અંતરયાત્રાનો અનુભવ, સત્યનો સાક્ષાત્કાર કરાવે છે

''આ જાય સમય, ઓ જાય સમય, ના પલભર એ રોકાય,
સમય પકડું પકડું થાય અને તે હાથતાળી દઈ જાય;
હાથનાં કાંડા પર ઘડિયાળ બાંધો, લાગે જાણે સમયને પકડ્યો,
પણ મને ખબર જ ના રહી, કે સમયે ક્યારે મને છેતર્યો.''

સમયની સાથે પ્રતિપળ ચાલતા, વર્તમાનમાં જીવતા અને ભવિષ્યનાં સ્વપ્નાઓમાં રાચતા દરેક માનવીઓ અનુભવની એરણ પર તેમના જીવનનું ચણતર અને ઘડતર પોતાની પસંદગી મુજબ કરવાનો પુરુષાર્થ કરતાં જ રહે છે. આ સારા-નરસા અનુભવો માનવીને સત્યનો સાક્ષાત્કાર જરૂરથી કરાવે જ છે પણ અફસોસ એ વાતનો છે કે માનવી પાસે સત્યનો સાક્ષાત્કાર કરવા માટેનું સાહસ નથી. ચતુર અને ચાલાક માનવીનું મનોમસ્તિકાર ભરપુર જ્ઞાનનો ભંડાર છે, પણ સત્ય સમજવા માટે એનું મન અને હૃદય તૈયાર થતું નથી કેમ કે તેની ભીંતરમાં અહંકારની દિવાલ છે.

આના સંદર્ભમાં એક પ્રાચીન સૂફી કથા છે

એક અલગારી માણસ સત્યની શોધમાં નીકળી પડ્યો અનેક ધર્મગ્રંથોનો અભ્યાસ કર્યો હતો, સંતો અને ધર્મગુરુઓ સાથે સત્સંગ કરતો તંત્ર-મંત્ર જાપ પણ કરતો. તેમ છતાં એને સત્યનાં દર્શન થતાં નહીં, સત્યનું સરનામું કે ઈશ્વરના ખબર-અંતર આપે એવું કોઈ સ્થળ પણ મળ્યું નહીં. અહીંથી ત્યાં રખડતો, રઝળતો એક જંગલના રસ્તેથી પસાર થઈ રહ્યો હતો. એક ઘટાદાર વૃક્ષની છાયામાં થોડો વિશ્રામ કરવા બેઠો. આસપાસ નજર કરતાં એક નાની શી ઝૂંપડી દેખાઈ ત્યાં પહોંચીને અંદર નજર કરી તો એક સંત આરામ કરતા હતા. સંતની નજીક જઈને તેમના ચરણોમાં વંદન કરી બેઠો અને સંતને એક પ્રશ્ન પૂછ્યો, ''ગુરુદેવ હું સત્યની શોધમાં નીકળ્યો છું, તો આપ મને તેનું સરનામું બતાવો અને કહો કે સત્ય ક્યાં મળે?'' સંતે મંદ મંદ હાસ્ય સાથે કહ્યું; ''વત્સ! જ્યાં દુનિયાદારીનો અંત આવે, જ્યાં સંસારની તમામ આધિવ્યાધિ સમાપ્ત થાય ત્યાંથી જ સત્યનું જગત શરૂ થાય છે.''

સંતનો જવાબ સાંભળીને અલગારી તો નીકળી પડ્યો. દિવસો ને મહિનાઓ સુધી ચાલતો રહ્યો. વર્ષો સુધી એક જ દિશામાં ચાલતો રહ્યો. મનમાં સંસારના અંતિમ છેડા સુધી પહોંચવાની ધૂન સવાર હતી. આખરે એક એવી જગ્યાએ આવી ગયો, જ્યાં દુનિયાનો અંત નજીક હતો. ગામના લોકોને એણે પૂછ્યું કે આ દુનિયાનો અંતિમ છેડો હવે કેટલાંક દૂર છે? ગામના લોકોએ કહ્યું; ''બસ, હવે આ અંતિમ સ્થળ છે આ સ્થળથી આગળ કોઈ જતું નથી. ત્યાં મહાશૂન્ય સિવાય બીજું કશું નથી અને જેઓએ સાહસ કર્યું છે ત્યાં જવા માટે તેઓ બધા જ ત્યાં પહોંચીને પાગલ જેવા થઈ ગયા છે. માટે અમારી સલાહ માની પાછાં ફરી જાવ.'' પણ અલગારી તો કોઈનું પણ સાંભળ્યા વગર આગળ ચાલવા જ માંડ્યો. સંતની વાત યાદ આવે. ''સંસારનો, આ દુનિયાનો જે છેડો છે ત્યાંથી જ સત્યનું જગત શરૂ થાય છે.'' હજી તો થોડે દૂર ગયો તો એક બોર્ડ વાંચવા મળ્યું; ''અહીંથી દુનિયા સમાપ્ત થાય છે ધ એન્ડ,'' જોયું તો આગળ ઊંડી ખાઈ સિવાય કશું જ હતું નહીં. ખાઈમાં નીચે નજર કરતાં જ મહાશૂન્ય દેખાયું અને ગભરાટ સાથે પાછું વળીને જોવા પણ ઊભો ન રહ્યો ખાવા-પીવાનું ભાન ભૂલી દોડતો દોડતો હાંફતા હાંફતા સંતના ચરણોમાં જઈને ફસડાઈ પડ્યો. કશું જ બોલી ન શક્યો. શબ્દાતીત અનુભવ એના ચહેરા પરથી સંત સમજી ગયા. તે બોલ્યા; ''લાગે છે કે તું દુનિયાના અંત સુધી પહોંચી ગયો છે તે તું ત્યાં મુકેલું બોર્ડ વાંચીને આવ્યો લાગે છે.'' અલગારીએ મસ્તક મુકાવ્યું.

સંતે કહ્યું: ''પાગલ! આટલે સુધી પહોંચીને ભાગ્યો કેમ? તે માત્ર આ બાજુનું બોર્ડ વાંચ્યું.'' પણ સામે બાજુ જોઈને બીજુ બોર્ડ કેમ ન જોયું. ત્યાં જ તો લખેલું છે કે, સત્યનું જગત અહીંથી શરૂ થાય છે'' બસ! તારે થોડુંક સાહસ કરવાની જરૂર હતી.

ભલભલા લોકો જગતના અંત પર પહોંચીને ભયભીત બની જાય


**શ્રી પાટણ જૈન પંચાયત ફંડ સંચાલિત શેઠાણી હિરાલક્ષ્મી પુનમચંદ કોટાવાળા જૈન ભોજનશાળા**
ટાંગડિયા વાડો, પાટણ-ફોન : ૦૨૭૬૬-૨૨૫૮૫૩

**નૂતન સહાય યોજના**

**મુખ્ય આધાર સ્થંભ : રૂા. ૩,૧૧,૦૦૦/- • સહાયક આધાર સ્થંભ : રૂા. ૧,૧૧,૦૦૦/-**
**કાયમી તિથિ: રૂા. ૩૧,૦૦૦/- • દાતા ફોટો યોજના : રૂા. ૩૧,૦૦૦/-** રકમ આપનાર દાતાનો ફોટો ભોજનશાળા હૉલમાં મૂકવામાં આવશે.
**વાર્ષિક ચતુર્વિધ સંઘ ભક્તિ સહાયક યોજના : રૂા. ૨,૫૦૦/-** ચતુર્વિધ સંઘ ભક્તિનો એક દિવસની તિથિનો લાભ મેળવી શકો છો.
**તિથિના દિવસે બોર્ડ પર લાભાર્થીના નામ લખવામાં આવશે.**

**આ સંસ્થાને અપાતું દાન ૮૦-જી અનુસાર કરવેરામાં રાહતને પાત્ર છે**

સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા એટલે કે ચતુર્વિધ સંઘ જૈની ગણના જૈનશાસ્ત્રમાં પચ્ચીસમાં તીર્થંકરની બરાબર કરવામા આવેલ છે.
એ ચતુર્વિધ સંઘની ભક્તિનું ઉત્કૃષ્ટ કાર્ય આપણા વડીલોએ સ્થાપેલ પાટણની આ ગૌરવવંતી સંસ્થા છેલ્લા ૧૧૦ વર્ષથી કરતી આવી છે.
આપશ્રી પણ આપની ભાવના અનુસાર ઉપરોક્ત કોઈપણ યોજનામાં સહયોગ આપી સમાજસેવાનું અતિ ઉત્કૃષ્ટ કાર્ય કરી શકો છો.
**વધુ વિગત માટે સંપર્ક : શ્રી મહેન્દ્રભાઈ કસ્તુરચંદ શાહ - મો. ૯૮૨૧૦૧૨૫૧૮**
**• સૌજન્ય : મે. પ્રદીપકુમાર ફાર્મા પ્રા. લિ. તથા મે. કે. સેવંતીલાલ એન્ડ કાું., મુંબઈ •**
ADVT

છે કેમકે ત્યાં બધાંજ સંબંધો બધીજ સુરક્ષા, તમામ ઈચ્છાઓ, તમામ કાર્યો સમાપ્ત થઈ જાય છે ત્યાં જ છે માત્ર નર્યો આનંદ નરી જ્ઞાતા, કેવળ આરામ...

ઓશો કહે છે; ''જગતનો અંત જોવા માટે અને સત્યને જોવા માટે બહાર ક્યાંય દોડવાની જરૂર નથી. આ તો એક અંર્તયાત્રા છે. આ યાત્રાનો અનુભવ જ વ્યક્તિને નક્કરતા આપે છે. સત્યનું દર્શન કરાવે છે. પણ અફસોસ એ વાતનો જ છે, કે આજના સ્પર્ધાત્મક જગતમાં જીવવાની 'રેસ'માં દોડતો માનવી પ્રવૃત્તિઓની વ્યસ્તતાને નામે ઘણી વ્યર્થતાને ઓઢી લેતો હોય છે જેને લીધે સત્ય તરફ જોવાની અને સત્ય તરફ જવાની જાણકારી તેની પાસે નથી હોતી ખાલી જ્ઞાનનો કોઈ અર્થ જ નથી મગજમાં અનેક ગ્રંથો ભરીને જીવનારા લોકો પણ મોટેભાગે ભીતરથી ખાલી જ હોય છે.

જગતનો અંત એટલે અહંકારનો અંત, જે વ્યક્તિ આ અંતને જોઈ લે છે તે જ સત્ય અને પરમાત્માના જગતમાં આપમેળે પ્રવેશીને નિરાંતે શ્વાસ લે છે.

❑ **શ્રીમતી ભારતીબેન શાહ**


JSG Jain Social Groups International Federation Grow more to Serve more

# જૈન સોશ્યલ ગ્રુપ્સ ઈન્ટરનેશનલ ફેડરેશન બોમ્બે રીજીયન ચેરીટેબલ ટ્રસ્ટ

*દ્વારા આયોજીત*

## આદર્શ સમૂહ લગ્ન

બોમ્બે રીજીયન તથા બોમ્બે રીજીયન ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા આદર્શ સમૂહ લગ્ન નું આયોજન રવિવાર તા. ૨૮-૪-૨૦૧૯ના ચૈત્ર વદ ૯ના દામોદર વાડી, અશોક ચક્રવતી રોડ, કાંદિવલી (ઈ)., મુંબઈ ખાતે કરવામાં આવેલ છે. જૈન સમાજના ચારે ફિરકાઓના પરિવારના સભ્યો આ સમૂહ લગ્નમાં જોડાઈ શકશે. આ સમૂહ લગ્નમાં વહેલાતે પહેલાના ધોરણે ફક્ત ૨ (બે) યુગલોના નામ લેવાના છે.

વર્ષ ૨૦૧૯-૨૦માં દર બે મહિના પછી આદર્શ સમૂહ લગ્નનું આયોજન કરવામાં આવશે. જેમાં આવેલ યુગલોના નામોમાંથી ક્રમાનુસાર ૨ (બે) યુગલોના લગ્ન કરાવી દેવામાં આવશે.

લગ્નમાં જોડાનાર દરેક યુગલને કરિયાવરમાં નીચે મુજબની આઈટમ આપવામાં આવશે. ❖ સોનાનુ મંગલસૂત્ર ❖ હીરાની ચૂંક ❖ ઘરચોળુ ❖ પાનેતર ❖ ચણિયા ચોળી ❖ ડ્રેસ મટિરીયલસ્ ❖ મીક્ષર-ગ્રાઈન્ડર ❖ સૂટકેસ ❖ કાચનો ડીનર સેટ ❖ મેલામાઈલ ડીનર સેટ ❖ સ્ટીલના થાળી-વાટકા અને ઘરવખરીનો સેટ ❖ કપલ રીસ્ટ વોચ ❖ મા-માટલી ❖ બાજોઠ. કરિયાવરમાં અન્ય સંસ્થા દ્વારા અપાતી દરેક આઈટમ આપવાનાં અમારી સંસ્થાના પ્રયત્ન રહેશે.

### ❊ નિયમો ❊

૧) વર-વધુ બન્નેમાંથી એક પાત્ર જૈન હોવુ ફરજીયાત છે.

૨) રજીસ્ટ્રેશન ફી પેટે વર પક્ષ તથા કન્યા પક્ષે રૂ।.૫૦૦/- સમૂહ લગ્નના ફોર્મ સાથે ભરવાના રહેશે.

૩) બન્ને પક્ષને ૧૦૦ કંકોત્રી તથા ૧૦૦ જમવાના પાસ આપવામાં આવશે.

૪) સમૂહ લગ્નના નિયમો આયોજક દ્વારા જે નક્કી કરવામાં આવશે, તેનો અમલ ચૂસ્તપ્રમાણે કરવાનો રહેશે.

❊ પ્રથમ આદર્શ સમૂહ લગ્નના પ્રેરણાદાતા ❊
**શ્રી ધીરૂભાઈ શીવલાલ દોશી** (Doshion Group)
જૈન સોશ્યલ ગ્રુપ - માટુંગા

**સમૂહ લગ્નમાં જોડાવા તથા કોઈપણ કાર્ય માટે નીચે મુજબ વ્યક્તિઓનો સંપર્ક સાધવા વિનંતી.**

| | | | |
|---|---|---|---|
| ૧) શ્રીમતી ભારતીબેન શાહ | મો. ૯૩૨૪૧૧૫૫૭૫ | ૨) શ્રીમતી રમીલાબેન દોશી | મો. ૯૩૨૪૮૨૧૪૪૭ |
| ૩) શ્રી અનોપચંદભાઈ શાહ | મો. ૯૮૨૦૧૧૨૦૩૧ | ૪) શ્રી પંકજભાઈ સંઘવી | મો. ૯૮૨૦૦૪૦૭૧૯ |
| ૫) શ્રી મહિપતભાઈ શાહ | મો. ૯૮૨૦૦૩૦૮૦૬ | ૬) શ્રી કિશોરભાઈ શેઠ | મો. ૯૮૨૧૦૧૫૮૨૮ |
| ૭) શ્રી રમેશભાઈ શેઠ | મો. ૯૮૨૦૭૩૨૯૫૦ | ૭) શ્રી વિનોદભાઈ શાહ | મો. ૯૩૨૨૬૫૭૩૩૩ |

ADVT


## આત્મગુણોની ખોજ

આપણી-તબિયત બરોબર ન હોય તો તે માટે ઉપાયો શોધવા પડે છે,
ડૉક્ટર દવાથી યા ઘરગત્થુ ઉપાયો તે થઈ શકે છે,
આજ સ્વાભાવિક અને આત્મગુણ છે જે સમજીને કરવો પડે છે,
આ જ્ઞાન દશાની અવસ્થામાં મળતાં ઉપાયો હોય છે,
આપણે ઉપાયો જ ન કરીએ તો તે અજ્ઞાનદશાના દર્શન કરાવે છે,
આપણા પર અત્યાચાર થાય અને ઉપાયો ન શોધીએ તે અજ્ઞાનતાજ કહેવાય છે.
અજ્ઞાનતામાંથી બહાર નીકળવા 'આત્મગુણોની ખોજ' કરવી પડે છે,
જેમ જેમ જાગૃતિ વધતી જાય એમ આત્મગુણોનું જ્ઞાન મળતું જાય છે,
આત્મગુણો પામવાનો પ્રેક્ટીકલ ઉપાય પણ શોધવો પડે છે,
આ ગુણ દરેકમાં હોય છે જે પોતાની સમજણ તથા માર્ગદર્શનથી મેળવી શકાય છે.
આત્મગુણોનો ઉપયોગ કરી સમસ્યાઓના ઉપાયો મેળવી શકાય છે.
'આત્મગુણોની ખોજ' કરવા ચિંતન મનન કરવું પડે છે.
ઘણામાં સેવાની ભાવના હોય છે જે આત્મજ્ઞાનનું અદ્દ્ભુત ઉદાહરણ છે.
માનવી જેમ રૂઢીઓમાંથી બહાર આવતો જાય છે એમ
''આત્મગુણોની ખોજ'' ના દર્શન થાય છે

❑ **શ્રી જતિનભાઈ બાલુભાઈ શાહ**

## ૪૫ વર્ષથી વધુ ઉંમરના સભ્યોની મેચ

શ્રી પાટણ જૈન મંડળના ૪૫ વર્ષ કે તેથી વધુ વયના ભાઈઓની મેચ પ્રથમ વખત જ ડે/નાઈટ સ્વરૂપે યોજાયેલ જેમાં ૪૦ ખેલાડીઓએ ભાગ લીધો હતો.

ટીમો બે વિભાગમાં વહેચવામાં આવેલ એક ટીમ આયના ગેટ જેના કેપ્ટન જતીનભાઈ કીર્તિકુમાર શાહ અને બીજી ટીમ લગાનના કેપ્ટન શ્રી મયુર અરવીંદભાઈ શાહ રહ્યા હતા.

પ્રથમ બેટીંગ કરતા **ચાઈના ગેટે ૨૫ ઓવરમાં ૧૬૪ રન બનાવેલ જેનો પીછો કરતા લગાન ટીમ તેટલા રનનો લક્ષ્યાંક સિદ્ધ ના કરી શકતા ચાઈના ગેટ વિજેતા બનેલ.**

**બેસ્ટ બેસ્ટમેન :- રાહુલભાઈ શાહ**

**મેન ઓફ ધી મેચ :- મયુરભાઈ અરવિંદભાઈ શાહ**

**બેસ્ટ બોલર :- નવીનભાઈ ચંપકલાલ કાપડીયા રહ્યા હતા.**


Pradhan Mantri mudra Yojna

"Mudra gave me strength and ensured the progress of my family."

Shishu Loan : Upto ₹50,000

Kishore Loan : ₹ 50,000 to ₹5 Lakhs

Tarun Loan : ₹5 Lakhs to ₹10 Lakhs

* Loan upto Rs. 10 Lakhs on attractive rates • No collaterals requlared • Loan repayment on easy EMIs and tenures

Contact your nearest bank branch today or Call Toll Free on 1800-11-000-1 or 1800-180-11-11 or visit www.mudra.org.in

Courtesy by: Mahendrabhai Popatlal Shah

Loans to Meet your Dreams for Success







JITO MUMBAI ZONE

JITO UDAAN

15, 16, 17 માર્ચ 2019

નેસ્કો ગોરેગાંવ (પૂર્વ), મુંબઈ

વિશ્વના સફળ અને સમૃદ્ધ વ્યાપારી અને ઉદ્યોગપતિનો નેટવર્કિંગ અને સંપર્ક દવારા સમગ્ર જૈન સમાજનું આર્થિક અને સામાજિક સશક્તિકરણ

- ટ્રેડ ફેર સ્ટોલ
- સ્ટાર્ટ-ઉપ પેવેલિયન
- ટાઈમ્સ જોબ પેવેલિયન
- કૉન્સ્યુલેટ સેમિનાર
- જે.બી.એન મીટિંગ્સ
- સેમિનાર ઔર કૉન્ફરેન્સ
- એન. જી. ઓ. સ્ટોલ
- યૌથ કોંકલાવે
- સાધર્મિક સ્ટોલ

જૈન પેવેલિયન

વિશ્વની બેજોડ અને દુર્લભ રત્નોની જિન પ્રતિમાઓના દર્શન નો લાભ મળશે.
અનેરું આકર્ષણ હશે કાકાનીલી રત્નની આશરે 6 ફૂટ ઊંચી તીર્થંકર મુનિસુવ્રત સ્વામીની પ્રતિમાના દર્શન.

NAHAR GROUP EXPERIENCE EXCELLENCE

Platinum Sponsor: cello

Gold Sponsor: GM SWITCH TO A BETTER WORLD; WAAREE One with the Sun

Android QR Code | IOS QR Code

+91 7304854345 • +91 7304801208 • Email Us: mumbaizonevent@gmail.com

https://udaan.jito.org

@jitoudaanmumbai2019 @jitoudaan @jitoudaanmumbai

ADVT




# શ્રી પાટણ જૈન મંડળ સંચાલિત બી.ડી.એસ. વિદ્યાલય, સ્માર્ટ ક્લાસ તથા તક્તી અનાવરણ અહેવાલ



સ્માર્ટક્લાસનું ઉદ્‌ઘાટન કરતા શ્રીમતી હર્ષાબેન ભરતભાઈ શાહ



મંચસ્થ મહાનુભાવો તથા ઉદ્‌બોધન કરતા પ્રમુખશ્રી

તારીખ ૧૬-૦૨-૨૦૧૯, શનિવારના રોજ બી.ડી.એસ. વિદ્યાલય સંકુલમાં શ્રી પાટણ જૈન મંડળ દ્વારા પ્રાથમિક શાળા દાતા તક્તી અનાવરણ તથા ૨ સ્માર્ટ ક્લાસનો ઉદ્‌ઘાટન સમારોહ દાતા પરિવાર, સંસ્થાનો હોદ્દેદારો તથા આમંત્રિતોની ઉપસ્થિતિમાં સફળતાપૂર્વક સંપન્ન થયો હતો. સવારે ૧૦ કલાકેથી વિદ્યાલય સંકુલમાં આવતા મહેમાનોને વિદ્યાલયની બાલીકાઓ દ્વારા તિલક કરી આવકાર અપાયો હતો.

વિદ્યાલયના સેન્ટ્રલ હોલ ખાતે **'ડોનર અભિવાદન સમારોહ'** રખાયો હતો. પ્રમુખશ્રી દિનેશભાઈના અધ્યક્ષ સ્થાને આયોજીત સમારંભનો પ્રારંભ પ્રાર્થના ગીતથી કરાયો હતો. પ્રિન્સીપાલ શ્રી ડૉ. બળદેવભાઈ દેસાઈએ સર્વે મહેમાનોને આવકાર આપ્યો હતો તેમજ આજના પ્રસંગ વિશે માહિતી આપી હતી. ત્યાર પછી વિદ્યાલયના માનદમંત્રી શ્રી રાજેન્દ્રભાઈ શાહે ચાલુ વર્ષે જુન માસમાં સ્કુલ ૭૫માં વર્ષમાં મંગળ પ્રવેશ કરી રહી છે. એવી અદ્‌ભુત સિદ્ધિને બીરદાવવા આવતા ડિસેમ્બર મહિનામાં ૨ દિવસનો કાર્યક્રમ આયોજીત કરી અમૃત મહોત્સવ ઉજવવાની જાહેરાત કરી હતી.

આ ઉજવણીની યાદગીરી રૂપે આર્થિક પરિસ્થિતિને કારણે સ્કુલની ફી નહીં ભરી શકનાર વિદ્યાર્થીઓ માટે એક ભંડોળ ઊભુ કરવાની ટહેલ નાંખતા **ઉપસ્થિત શ્રેષ્ઠીઓએ રૂા. ૧૭ લાખની સખાવતો આ ફંડમાં નોંધાવી હતી.** જેના નામ નીચે જણાવવામાં આવ્યા છે. માનદ્‌મંત્રીશ્રીએ આભાર વ્યક્ત કરતા આ ફંડ ૪૦ લાખ સુધીનું એકિત્રત કરવાની ભાવના વ્યક્ત કરી હતી. પ્રમુખશ્રીએ આપેલ વક્તવ્યમાં દાતાશ્રીઓ પ્રતિ આભારની લાગણી વ્યક્ત કરવામાં આવી હતી. આ વર્ષના અંતે મંડળના ૧૦૦ વર્ષ તેમજ સ્કુલના ૭૫ વર્ષની ઉજવણી નિમિત્તે પાટણમાં ભવ્ય આયોજન કરવાની ઈચ્છા દર્શાવી હતી. ઉપરાંત સ્કુલની પ્રગતિ માટે પ્રિન્સીપાલ ડૉ. બળદેવભાઈ તથા તેઓની સમગ્ર ટીમની કાર્યવાહીને બીરદાવી હતી. સમારંભ દરમ્યાન સ્માર્ટ બોર્ડના દાતા શ્રી ભરતભાઈ તથા શ્રીમતી હર્ષાબેનનું પુષ્પગુચ્છ અર્પણ કરી અભિવાદન કરવામાં આવ્યું હતું.

સમારંભની સમાપ્તિ પછી ઉપસ્થિત મહેમાનો સહીત, બેન્ડની સુરાવલીના સથવારે સ્માર્ટ ક્લાસના દાતાશ્રી ભરતભાઈ ચિમનલાલ શાહ તથા શ્રીમતી હર્ષાબેન ભરતભાઈ શાહે (કુંભારીયા પાડા) સ્માર્ટ ક્લાસનું ઉદ્‌ઘાટન તેમજ તક્તીનું અનાવરણ કર્યું હતું. સર્વ શ્રેષ્ઠીઓને ક્લાસરૂમમાં બેસાડી સ્માર્ટ બોર્ડ અંગેની પ્રેક્ટીકલ સમજ શાળાના કોમ્પ્યુટર શિક્ષક શ્રી હિતેશભાઈ પટેલે આપી હતી.

### વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ યોજનાના દાતાશ્રીઓ

| | | |
|---|---|---|
| શ્રી ભરતભાઈ ચીમનલાલ શાહ | કુંભારિયા પાડો | ૫૦૪૦૦૦ |
| ડૉ જશવંતલાલ મણીલાલ શાહ | ભાભાનો પાડો | ૫૦૦૦૦૦ |
| શ્રીમતી ભારતીબેન યશવંતલાલ ઝવેરી | બ્રાહ્મણવાડો | ૧૦૦૦૦૦ |
| શ્રી યશવંતભાઈ હરિલાલ ઝવેરી | સિદ્ધચક્રની પોળ | ૧૦૦૦૦૦ |
| શ્રીમતી નયનાબેન દિનેશભાઈ શાહ | સિદ્ધચક્રની પોળ | ૧૦૦૦૦૦ |
| શ્રી તુષારભાઈ પ્રવીણચંદ્ર શાહ | ઢંઢેરવાડો | ૧૦૦૦૦૦ |
| શ્રી રાજેન્દ્રભાઈ જયંતિલાલ શાહ | ભાભાનો પાડો | ૧૦૦૦૦૦ |
| શ્રી ચીનુભાઈ નેમચંદ શાહ | ખેતરવસી | ૧૦૦૦૦૦ |
| શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર માટલીવાળા | કનાસાનો પાડો | ૧૦૦૦૦૦ |
| | કુલ | ૧૭૦૪૦૦૦ |

સ્માર્ટ ક્લાસના ઉદ્‌ઘાટન બાદ **વિદ્યાલય કેમ્પસમાં આવેલા શહીદ સ્મારક ખાતે કાશ્મીર - પુલવામા માં થયેલ શહીદ જવાનોના આત્માની શાંતિ અર્થે ૨ મિનિટનું મૌન** પાળી ઉપસ્થિત સર્વે દ્વારા શહીદ સ્મારક પર પુષ્પાંજલિ કરાઈ હતી.

**પ્રાથમિક શાળાને રૂા. ૩૧ લાખની માતબર રકમની સખાવત આપનાર દાતાશ્રી સેવંતીલાલ દલપતચંદ શાહ પરિવાર (શાંતિનાથની પોળ)ના દાતાશ્રીની તક્તી 'શ્રીમતી નીરૂબેન સેવંતીલાલ સુરમ્ય પ્રાથમિક શાળા'નું** અનાવરણ દાતા પ્રતિનીધી શ્રીમતી પ્રેમીલાબેન ભદ્રકુમાર શાહ તથા પ્રમુખશ્રી દિનેશભાઈ શાંતિલાલ શાહ દ્વારા કરવામાં આવ્યું. સ્કુલની બાલીકાઓ દ્વારા રોડની બન્ને બાજુ રાષ્ટ્રધ્વજ સાથે ઊભા રહી મહેમાનોનું અનોખું સ્વાગત કરાયું હતું તેમજ દિશાના દિવ્યાંગ બાળકો દ્વારા બેન્ડની સુરાવલી સાથે આ તક્તી અનાવરણ વિધિ સંપન્ન થઈ હતી.

આ કાર્યક્રમ દરમ્યાન સમગ્ર સંકુલ શાળાના બાળકો દ્વારા કરાયેલ સજાવટથી દીપી ઉઠ્યું હતું. ઉપરોક્ત કાર્યક્રમમાં મંડળના પ્રમુખશ્રી દિનેશભાઈ ઉપરાંત ઉપપ્રમુખો શ્રી વિરેન્દ્રભાઈ, શ્રી દિપકભાઈ,




**સૂરમ્ય પ્રાથમિક શાળાના દાતા**
**શ્રીમતી નીરૂબેન સેવંતીલાલ શાહની તક્તીનું દાતા પ્રતિનીધી**
**શ્રીમતી પ્રેમીલાબેન ભદ્રકુમાર શાહ દ્વારા અનાવરણ**

શ્રી ચંદ્રવદનભાઈ, શ્રી તુષારભાઈ તથા ટ્રસ્ટીઓ શ્રી પંકજભાઈ, શ્રી પ્રદિપભાઈ, શ્રી ભરતભાઈ, ડૉ. જશવંતભાઈ, માનદમંત્રી એડ. શ્રી અશ્વીનભાઈ, શ્રી નિખીલભાઈ, માનદમંત્રી ફાયનાન્સ શ્રી જ્યોતિન્દ્રભાઈ, માનદમંત્રી વિકલાંગ શ્રીમતી પ્રમિલાબેન, શ્રીમતી હીનાબેન, સિનિયર એડવાઈઝર શ્રી રાજેન્દ્રભાઈ, પ્રોગ્રામ સમિતિના એડવાઈઝર શ્રી રોહીતભાઈ તેમજ દાતાશ્રીઓ શ્રી ચીનુભાઈ નેમચંદ શાહ, શ્રી દાનેશભાઈ વિનોદચંદ્ર શાહ, શ્રી ભરતભાઈ ચીમનલાલ શાહ, શ્રી હિતેશભાઈ જશવંતલાલ શાહ, શ્રમતી દિપ્તીબેન તથા શ્રી જયેશભાઈ પ્રવિણચંદ્ર શાહ, શ્રીમતી ચારુબેન તુષારભાઈ શાહ, શ્રી દિનેશભાઈ રમણલાલ શાહ તેમજ વ્યવસ્થાપક સમિતિના સભ્યો શ્રી પ્રવીણચંદ્ર નવીનચંદ્ર શાહ, શ્રી યશમુખભાઈ ડાહ્યાભાઈ શાહ, શ્રી દિપકભાઈ પ્રેમચંદ શાહ, ભૂતપૂર્વ વિદ્યાર્થી એસોશિયેસનના સભ્ય શ્રી પ્રિયવદનભાઈ રમણલાલ શાહ, સ્થાનિક સમિતિના સભ્ય ડૉ. અતુલભાઈ અગ્રવાલ, શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ, શ્રી કેતનભાઈ પટેલ તથા અન્ય માનવંતા મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા.

## પાટણનું ગૌરવ



કનાસાના પાડાના શ્રી જિતેન્દ્ર મોહનલાલ શાહના પૌત્રી **ચિ. કાવ્યા** જયેશભાઈ શાહ હાલ (હૈદ્રાબાદ)ની ઉ.વ. ૧૩ આર્ટીસ્ટીક્ સ્કેટીંગ **(૧) રોલર સ્કેટીંગ (૨) ઈનલાઈન સ્કેટીંગ (૩) આઈસ સ્કેટીંગ** વગેરેની રમતમાં દિલ્હી-ગુરુગ્રામ-હરિયાણા તથા હૈદ્રાબાદ ખાતે યોજાયેલ ટુર્નામેન્ટોમાં ગોલ્ડ, સીલ્વર અને બ્રોન્ઝ મળીને આખા વર્ષ દરમ્યાન ટોટલ ૧૭ - મેડલ મેળવ્યા છે જેમાં, **૪ ડિસ્ટ્રીક લેવલ, ૭ સ્ટેટ લેવલ, ૬ નેશનલ લેવલ.** આ રીતે નાની ઉંમરમાં મેળવેલી આ અનોખી સિદ્ધિ બદલ અભિનંદન.




# શ્રી પાટણ જૈન મંડળ આયોજીત સોમીરા પાટણ પ્રિમિયર લીગ ટુર્નામેન્ટ

SOMIRA PATAN Premier League PPL Mukesh Patni

મંડળની સ્પોર્ટ્સ સમિતિ દ્વારા ચાલુ સાલે યોજાયેલ ક્રિકેટ ટુર્નામેન્ટમાં ભાગ લેનાર દરેક ટીમો વચ્ચે લીગ મેચો તા. ૨૭ જાન્યુઆરીથી રમાઈ જેમાંથી ૪ અવ્વલ ટીમોને સેમી ફાઈનલમાં પ્રવેશ મળ્યો હતો. સેમી ફાઈનલ ૨૪મી ફેબ્રુઆરીએ યોજાઈ હતી, જેની વિજેતા બે ટીમો વચ્ચે તા. ૨ માર્ચે પોલીસ જીમખાના ખાતે ફાઈનલ મેચ યોજાશે.

આ ભવ્ય આયોજનને સમાજના પરિવારો તરફથી ખુબજ ઉમદા સહયોગ પ્રાપ્ત થયો. તે સમયે મંડળના હોદ્દેદારો તથા ટીમ ઓનર્સો હાજર રહ્યા હતા.

## સેમી ફાઈનલ પર્યંતના મેન ઓફ ધી મેચ

### રવિવાર, તા. ૧૩-૦૧-૨૦૧૯

(૧) કુસુમ વોરીયર્સ **વિરુદ્ધ** એમ.ટી.એમ. રાઈડર્સ
**શ્રી કેયુરભાઈ ઝવેરી** - (એમ.ટી.એમ. રાઈડર્સ)

(૨) એ.એમ.એસ. ગ્લેડીએટર્સ **વિરુદ્ધ** જેડ.એન.એલ. ચેલેન્જર્સ
**શ્રી મીહીરભાઈ શાહ** (જેડ.એન.એલ. ચેલેન્જર્સ)

(૩) એસ.કે. સ્ટ્રાઈકર **વિરુદ્ધ** ટર્ફ બ્લાસ્ટર્સ
**શ્રી સ્મીતભાઈ શાહ** (ટર્ફ બ્લાસ્ટર્સ)

### શનિવાર, તા. ૨૬-૦૧-૨૦૧૯

(૧) એમ.ટી.એમ. રાઈડર્સ **વિરુદ્ધ** ટર્ફ બ્લાસ્ટર્સ
**શ્રી ભાવીનભાઈ સાલવી** (એમ.ટી.એમ. રાઈડર્સ)

(૨) એસ.પી.એસ. સુપરસ્ટાર **વિરુદ્ધ** એસ.કે. સ્ટ્રાઈકર્સ
**શ્રી સમીરભાઈ શાહ** (એસ.કે.સ્ટ્રાઈકર્સ)

(૩) કુસુમ વોરીયર્સ **વિરુદ્ધ** એ.એમ.એસ. ગ્લેડીએટર્સ
**શ્રી વીરલભાઈ શાહ**(એ.એમ.એસ. ગ્લેડીએટર્સ)

### રવિવાર, તા. ૨૭-૦૧-૨૦૧૯

(૧) એસ.કે. સ્ટ્રાઈકર **વિરુદ્ધ** એમ.ટી.એમ. રાઈડર્સ
**શ્રી વિવેક દલાલ** (એમ.ટી.એમ. રાઈડર્સ)

(૨) એ.એમ.એસ. ગ્લેડીએટર્સ **વિરુદ્ધ** એસ.પી.એસ. સુપરસ્ટાર
**શ્રી જીગરભાઈ શાહ** (એસ.પી.એસ. સુપરસ્ટાર)

(૨) ટર્ફ બ્લાસ્ટર્સ **વિરુદ્ધ** ઝેડ.એન.એલ. ચેલેન્જર્સ
**શ્રી નીશીતભાઈ શાહ** (ઝેડ.એન.એલ. ચેલેન્જર્સ)

### શનિવાર, તા. ૦૨-૦૨-૨૦૧૯

(૧) એસ.પી.એસ. સુપરસ્ટાર **વિરુદ્ધ** ઝેડ.એન.એલ. ચેલેન્જર્સ
**શ્રી અંકીતભાઈ શાહ** (ઝેડ.એન.એલ. ચેલેન્જર્સ)

(૨) કુસુમ વોરીયર્સ **વિરુદ્ધ** ટર્ફ બ્લાસ્ટર્સ
**શ્રી કલશભાઈ શાહ** - (ટર્ફ બ્લાસ્ટર્સ)

(૩) એ.એમ.એસ. ગ્લેડીએટર્સ **વિરુદ્ધ** એસ.કે. સ્ટ્રાઈકર્સ
**શ્રી કવીશભાઈ ઝવેરી** (એસ.કે. સ્ટ્રાઈકર્સ)

### રવિવાર, તા. ૦૩-૦૨-૨૦૧૯

(૧) ટર્ફ બ્લાસ્ટર્સ **વિરુદ્ધ** એસ.પી.એસ. સુપરસ્ટાર
**શ્રી સુચીતભાઈ શાહ** - (ટર્ફ બ્લાસ્ટર્સ)

(૨) એસ.કે. સ્ટ્રાઈકર **વિરુદ્ધ** કુસુમ વોરીયર્સ
**શ્રી દેવેનભાઈ ધ્રુવ** (કુસુમ વોરીયર્સ)

(૩) ઝેડ.એન.એલ. ચેલેન્જર્સ **વિરુદ્ધ** એમ.ટી.એમ. રાઈડર્સ
**શ્રી રચીતભાઈ શાહ** (ઝેડ.એન.એલ. ચેલેન્જર્સ)

### રવિવાર, તા. ૧૦-૦૨-૨૦૧૯

(૧) ટર્ફ બ્લાસ્ટર્સ **વિરુદ્ધ** એ.એમ.એસ. ગ્લેડીએટર્સ
**શ્રી તેજશભાઈ પટણી** - (એ.એમ.એસ. ગ્લેડીએટર્સ)

(૨) ઝેડ.એન.એલ. ચેલેન્જર્સ **વિરુદ્ધ** કુસુમ વોરીયર્સ
**શ્રી રચીતભાઈ શાહ** (ઝેડ.એન.એલ. ચેલેન્જર્સ)

(૩) એમ.ટી.એમ. રાઈડર્સ **વિરુદ્ધ** એસ.પી.એસ. સુપરસ્ટાર
**શ્રી મહેશભાઈ શાહ** (એમ.ટી.એમ. રાઈડર્સ)

### રવિવાર, તા. ૧૭-૦૨-૨૦૧૯

(૧) ઝેડ.એન.એલ. ચેલેન્જર્સ **વિરુદ્ધ** એસ.કે. સ્ટ્રાઈકર
**શ્રી નીશીતભાઈ શાહ** (ઝેડ.એન.એલ. ચેલેન્જર્સ)

(૨) એમ.ટી.એમ. રાઈડર્સ **વિરુદ્ધ** એ.એમ.એસ. ગ્લેડીએટર્સ
**શ્રી મીતુલભાઈ શાહ** (એ.એમ.એસ. ગ્લેડીએટર્સ)

(૩) એસ.પી.એસ. સુપરસ્ટાર **વિરુદ્ધ** કુસુમ વોરીયર્સ
**શ્રી સાહીલભાઈ શાહ** (કુસુમ વોરીયર્સ )

### સેમી ફાઈનલ મેચ રવિવાર, તા. ૨૪-૦૨-૨૦૧૯

એ.એમ.એસ. ગ્લેડીએટર્સ **વિરુદ્ધ** ઝેડ.એન.એલ. ચેલેન્જર્સ
**શ્રી નીશીતભાઈ શાહ** (ઝેડ.એન.એલ. ચેલેન્જર્સ)

ટર્ફ બ્લાસ્ટર્સ **વિરુદ્ધ** કુસુમ વોરીયર્સ
**શ્રી સુચીતભાઈ શાહ** (ટર્ફ બ્લાસ્ટર્સ)

સેમી ફાઈનલ મેચોમાંથી બે વિજેતા ટીમો વચ્ચે નીચે મુજબ ફાઈનલ મેચ યોજાયેલ.

### ફાઈનલ મેચ તા. ૦૨-૦૩-૨૦૧૯

ટર્ફ બ્લાસ્ટર્સ **વિરુદ્ધ** ઝેડ.એન.એલ. ચેલેન્જર્સ
પોલીસ જીમખાના, મરીનડ્રાઈવ, સાંજે ૫.૦૦ થી

## શુભ વિવાહ

**સંવત ૨૦૭૫, પોષ વદ ૫, શુક્રવાર, તા. ૨૫-૦૧-૨૦૧૯**

શ્રી નિમિષભાઈ એવંતીલાલ શાહ સુપુત્ર **ચિ. તેજશ** (મારફતિયા મહેતાનો પાડો)

શ્રી પ્રદિપભાઈ શાહની સુપુત્રી **ચિ. દિશા** (જોરાવરનગર)

## સાભાર સ્વીકાર

**અતિથિગૃહ ડેવલપમેન્ટ કોરપસ ફંડ (પાટણ અતિથિગૃહ લિફ્ટ)**

૭,૦૦,૦૦૦/- શ્રી પૃથ્વીરાજભાઈ ચંદુલાલ શાહ, સી.એ. (મનમોહનજીની શેરી)

**શતાબ્દી ગૌરવ કોરપસ ફંડ**

૫,૦૦,૦૦૦/- શ્રી તુષારભાઈ પ્રવિણચંદ્ર શાહ (ઢંઢેરવાડો)

**સમાજ ઉત્કર્ષ ભેટ**

૪,૦૦,૦૦૦/- શ્રી તુષારભાઈ પ્રવિણચંદ્ર શાહ (ઢંઢેરવાડો)

**સિદ્ધહેમ જ્ઞાનપીઠ ભેટ**

૧,૨૫,૦૦૦/- શ્રી દિનેશભાઈ પોપટલાલ શાહ (પોળની શેરી)

૧,૦૦,૦૦૦/- શ્રી મરીનડ્રાઈવ જૈન આરાધક ટ્રસ્ટ (મરીનડ્રાઈવ)

૫,૦૦૦/- શ્રી નાનકચંદ ભોગીલાલ શાહ પરિવાર (ઝવેરી વાડો)

**વિકલાંગ ઉત્કર્ષ ભેટ / સિદ્ધહેમ શ્રુતજ્ઞાન પ્રદાન નિધિ ભેટ**

**હેલ્થકેર સાધન ભેટ / શિક્ષણ સહાય ભેટ / દવા સહાય ભેટ**

૫૫,૦૦૦/- માતુશ્રી સુશીલાબેન વરજીવનદાસ શાહ (ખજુરીનો પાડો) ની પ્રથમ માસિક પુણ્યતિથિ નિમિત્તે
હ. પુત્રીઓ :- શ્રીમતી નીનાબેન રાજેન્દ્રભાઈ શાહ
શ્રીમતી શિલ્પાબેન પ્રકાશભાઈ શાહ

**વૃદ્ધજન સહાય ભેટ / વિધવા સહાય ભેટ**

૫૦,૦૦૦/- શ્રી વાડીલાલ ચુનીલાલ ચેરીટી ટ્રસ્ટ (મનમોહનજીની શેરી)

**વૃદ્ધજન સહાય / સિદ્ધહેમ જ્ઞાનપીઠ / શિક્ષણ સહાય ભેટ**

૩૦,૦૦૦/- શ્રીમતી પરેશાબેન પ્રકાશભાઈ શાહ (હાલ શિકાગો) (લખીયાર વાડો)

**દવા સહાય ભેટ**

૧૧,૦૦૦/- સ્વ. શ્રી પ્રવિણચંદ્ર ગીરધરલાલ શાહના સ્મરણાર્થે (ખેતરવસી, શામળાજીની શેરી)
હ. શ્રી નિકેશભાઈ શાહ તથા શ્રી પરાગભાઈ શાહ

**હેલ્થકેર સાધન ભેટ**

૫,૧૦૦/- શ્રી દ્વારકાદાસભાઈ ભગવાનદાસભાઈ નેગાંધી

**લગ્ન પ્રસંગે ભેટ**

૫,૦૦૦/- શ્રી નિમીષભાઈ એવંતીલાલ શાહ (મારફતિયા મહેતાનો પાડો)
ચિ. તેજશના લગ્ન શ્રી પ્રદિપભાઈ શાહની સુપુત્રી ચિ. દિશા સાથે થયાની ખુશાલીમાં (જોરાવર નગર)

## વાચકનો પત્ર

### શ્રી મણીલક્ષ્મી - ખંભાત તીર્થ યાત્રા પ્રવાસનો એક અનુભવ

શ્રી પાટણ જૈન મંડળ જીવન સૌરભ સમિતિ આયોજીત સર્વ સૌજન્ય દાતા પરિવારો સંયોજીત દરેકની અગવડ સગવડનો ઉંડાણપૂર્વક વિચાર કરી તા. ૭-૧-૨૦૧૯ તેમજ ૯-૧-૨૦૧૯ના રોજ પાટણ સમાજના સિનિયર સિટીઝન માટે આયોજીત શ્રી મણીલક્ષ્મી તીર્થ અને ખંભાતનો યાત્રા પ્રવાસ કર્યો.

કોઈપણ જાતના વાંધા, ટીકા - ટીપણ, તકલીફ અગવડ વગરનો ભરપૂર સગવડતા, સુવ્યવસ્થા સાથેના તીર્થ યાત્રાથી અમે આનંદવિભોર, ભાવવિભોર, ખુશખુશાલ, આનંદિત થઈ ગયા. એક સર્વાંગ સુંદર સફળ આયોજન જે સુવર્ણ સોનેરી અક્ષરે લખાશે.

આ યાત્રા પ્રવાસને સંપૂર્ણ સફળ બનાવવા જેમણે અથાગ મહેનત કરી છે તે જીવન સૌરભ સમિતિનો અને તેમના કાર્યકર્તાઓનો અમે વરિષ્ઠજનોને સાથ સહકાર, સારસંભાળ, દેખરેખ આપવા માટે હું સહૃદયથી ખૂબ ખૂબ આભાર માનું છું.

આવો જ ભવ્યાતીભવ્ય બીજો તેમજ પાટણનો યાત્રા પ્રવાસ નજીકના ભવિષ્યમાં ખૂબ જલ્દીથી કરવાની જોરદાર રિક્વેસ્ટ અને માંગણી...

શ્રી મણીલક્ષ્મી-ખંભાત તીર્થ યાત્રા કરવાનું આ સ્થળ અનન્ય છે, જાણે મન માટે એક શાંતિનો વિરામ છે. અતિશય વંદનીય છે, ભાવુક ભક્તના આદરના પ્રવાહને ઠાલવવા જ આ જીનાલય સ્થપાયું છે તે કદી ભુલાશે નહીં. જીવનમાં ક્યારે પણ આ તીર્થ યાત્રા ન ચૂકવા જેવું આ ધામ છે. દરરોજ રાત્રીના લાઈટીંગથી જીનાલય શોભી રહે છે. જેના દૂરથી દર્શન કરવા અદ્ભુત છે, આહલાદક છે, અલૌકિક છે, જાણે એક દેવવિમાન ધરતી પર ઉતર્યું છે.

*તુજ દર્શનને કાજ દૂર દૂરથી અમે તમ દ્વાર આવીયા પ્રભુ,*
*હરખ આનંદ થયો રોમે રોમ, વંદન કર્યા કોટી કોટી,*
*જન્મારો થયો પ્રભુ અમારો ધન્ય ધન્ય...*

❑ **શ્રી સુરેશભાઈ મોહનલાલ શાહ (પાલેજવાળા)**

## શ્રદ્ધાંજલિ

સમાજની નીચે જણાવેલ વ્યક્તિઓના દુઃખદ અવસાનની સખેદ નોંધ લઈ, તેઓના પરિવારના દુઃખમાં સહભાગી થઈ સંવેદનાની લાગણી વ્યક્ત કરીએ છીએ. પરમકૃપાળુ પરમાત્મા સદ્ગતના આત્માઓને ચિરશાંતિ અર્પે એ જ પ્રાર્થના..

| જ્ઞાતિ | મહોલ્લો | સ્વર્ગસ્થનું નામ | વય | સ્થળ | તારીખ | તિથિ |
|---|---|---|---|---|---|---|
| વિશા શ્રીમાળી | પોળની શેરી | શાંતિલાલ મુલચંદ શાહ | ૯૩ | કાંદિવલી | ૨૫-૦૧-૧૯ | પોષ વદ ૦૫ |
| સાલવી | સાલવી વાડો | વિનોદચંદ્ર હિંમતલાલ સાલવી | ૮૭ | પાટણ | ૨૮-૦૧-૧૯ | પોષ વદ ૦૮ |
| વિશા શ્રીમાળી | મહાલક્ષ્મીમાતાનો પાડો | રસિકભાઈ મોહનલાલ શાહ | ૯૧ | સાયન | ૧૨-૦૨-૧૯ | મહા સુદ ૦૭ |
| વિશા શ્રીમાળી | ઝવેરી વાડો | સુરેન્દ્રકુમાર રસિકલાલ શાહ | ૮૧ | હાજીઅલી | ૧૨-૦૨-૧૯ | મહા સુદ ૦૭ |
| વિશા શ્રીમાળી | લીમડીનો પાડો | વિનોદચંદ્ર મણિલાલ સરકાર | ૯૧ | ગ્રાન્ટરોડ | ૧૨-૦૨-૧૯ | મહા સુદ ૦૭ |
| વિશા શ્રીમાળી | લખીયારવાડો | અરવિંદભાઈ નેમચંદ શાહ (સુતરીયા) | ૮૫ | ગુલાલવાડી | ૧૨-૦૨-૧૯ | મહાસુદ ૦૭ |

* ચક્ષુદાન કરેલ છે ✹ દેહદાન કરેલ છે ● ત્વચાદાન ✚ અંગદાન * * દેહદાન કરો અને કરાવો **(યુવાનીમાં રક્તદાન, મૃત્યુબાદ ચક્ષુદાન)**

# *Appeal by Shree Patan Jain Mandal*

**Shree Patan Jain Mandal** has been blessed to have Enthusiastic Donors who have ensured that the Corpus balance of Shree Patan Jain Mandal keeps on swelling, in spite of rapidly increasing amounts of reliefs provided for much needed **Educational, Medical & Sadharmik Sahay.** This policy has paid Dividends to Patan Samaj by lifting the families out of their **Need Mode to Self Reliant to even Donation Mode.**

It is a Happy Sign that **Shree Patan Jain Mandal** is celebrating 106 years of Glorious Service to the Samaj at NSCI Worli where more than 7000 Patanis will be getting together for the **Full Day Celebrations** in appreciation of continuous Seva to **Patan Samaj** and the Nation.

## Save the Date 24-Nov-19, Sunday at NSCI Dome, Worli

Enthusiastic Donors readily appreciated the work done by Shree Patan Jain Mandal & the need for Grand Celebration. They readily endorsed the view to collect **Rs 5 lacs donation from each well-to-do Patani Family.** As there are over 100 families who can easily donate this amount, we have decided on an easy target of **at least 100 Donor families** to join in this Noble Crusade. It is all due to voluntary support of Patani Donors. In this very 1st Meeting, we had 25 Donors who came forward for the **large hearted and spirited Donation spontaneously.**

### THEIR NAMES ARE GIVEN BELOW :

| Name | Area | Mahollo |
|---|---|---|
| Babu Amichand Panalal Adishwar Jain Temple Trust | Walkeshwar | Sadharmik Fund |
| Babu Amichand Panalal Adishwar Jain Temple Trust | Walkeshwar | Sadharmik Fund |
| Shri Virenderbhai Popatlal Shah | Walkeshwar | Mallatno Pado |
| Savantilal Kantilal Trust | Walkeshwar | Kumbhariya Pado |
| Smt. Subhadraben Ramanlal Popatlal Shah | Walkeshwar | Kumbhariya Pado |
| Shri Keshavlal Kilachand Trust | Walkeshwar | Kumbhariya Pado |
| Babu Harshbhai Narendrakumar Panalal | Walkeshwar | Khajurino Pado |
| Shri Mahendrabhai Popatlal Shah | Walkeshwar | Kumbhariya Pado |
| Shri Mafatlal Chudghar Charitable Trust, | Walkeshwar | Chodhurni Street |
| Shri Vikrambhai Nemchand Shah | Chowpatty | Khetarvasi |
| Smt. Ushaben Jashwantlal Rasiklal Shah | Gow. tank | Mallatno Pado |
| Shri Sanjaybhai Rameshchandra Shah | Gow. tank | Dank Mehtano Pado |
| Smt. Vasumatiben Sevantilal Ambalal Shah | Gow.Tank | Chitarani Khadki |
| Shri Dineshbhai Shantilal Popatlal Shah | Gamdevi | Pole ni Shri |
| Shri Dineshbhai Shantilal Shah | Marine Drive | Siddhachakra Pole |
| Shri Dipakbhai Revantilal Shah | Marine Drive | Kanasano Pado |
| Shri Tusharbhai Pravinchandra Shah | Marine Drive | Dhandher Wado |
| Shri Pramodbhai Premchand Teliyawala | Marine Drive | Man Mohanjini Sheri |
| Smt. Nirmalaben Ravindrabhai Mohanlal Shah | Marine Drive | Khajurino Pado |
| Shri Gunvantlal Manilal Shah | Marine Drive | Bhabhano Pado |
| Shri Kirtilal Balubhai Shah | Marine Drive | Keshusheth no Pado |
| Smt. Hansaben Prafulbhai Zabhlawala | Colaba | Khetarvasi |
| Shri Hemantbhai Kantilal Shah | Vile Parle | Salvi Wado |
| Shri Yashwantbhai Harilal Jhaveri | Vile Parle | Bhramanwado |
| Smt. Bhagvatiben Vinodchandra Matliwala | Vile Parle | Kanasano Pado |
| Shri Kandarpbhai Sevantilal Khandwala | Andheri | Keshusheth no Pado |
| Shri Pradipbhai Lakshmichand Zaveri | Japan | Khetarpalno Pado |

Very soon our PJM Office Bearers / Representatives will call upon you to appraise you of the upcoming **Grand Centenary Celebrations and request you all** for your much desired and welcome Donations. Please join and be a Proud Member of **"PJM Centenary Donation Committee".**

Postal Regd. No. MCS / O84 / 2018-20 W.P.P. License No. MR/TECH/WPP-120/South /2019.
PATAN PRATIBIMB • February 2019 • PRICE Rs. 2/- • Published on 20th of every month
• Posted at Patrika Chennel Sorting Office, Mumbai-400001 on 25th and 26th of every month

# શ્રી પાટણ જૈન મંડળ માર્ગ – નામકરણ વિધિ




''પાટણ જૈન મંડળ માર્ગ''નામકરણ કરતા પાટણ નગર પાલિકાના પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ પટેલ સાથે મંડળના પ્રમુખ શ્રી દિનેશભાઈ

શ્રી પાટણ જૈન મંડળ છેલ્લા ૧૦૬ વર્ષથી પાટણ ખાતે જૈન તેમજ ઈતર સમાજ માટે શિક્ષણ તેમજ વિવિધ ક્ષેત્રે જેમકે, સ્કુલ, કોલેજ, બોર્ડીંગ, અતિથિગૃહ, સિદ્ધહેમ જ્ઞાનપીઠ દ્વારા અનેક લોકોપયોગી સેવાઓ તેમજ કુદરતી આફત જેવી કે, ભુકંપ, રેલ રાહતના સમયે પણ માદરે વતનની પડખે ઊભા રહી શક્ય તેવી દરેક મદદ આપી હંમેશા વતન પ્રેમનું ઉમદા ઉદાહરણ આપ્યું છે.

સંસ્થાના સેવા કાર્યથી પ્રભાવિત થઈ શ્રી પાટણ નગર પાલિકા દ્વારા **ફાટીપાળ દરવાજાથી સરસ્વતી નદી સુધીના રોડને ''શ્રી પાટણ જૈન મંડળ માર્ગ'' નામ** આપવા ઠરાવ્યું.

**દિનાંક ૧૭-૦૨-૨૦૧૯ના રવિવારના રોજ, ''શ્રી પાટણ જૈન મંડળ માર્ગ''નો** નામ કરણ કાર્યક્રમ પાટણ ખાતે ઉપસ્થિત સર્વ શ્રેષ્ઠિઓ તેમજ હોદ્દેદારોની હાજરીમાં સંપન્ન થયો.

પાટણ ખાતે ઉપસ્થિત સંસ્થાના હોદ્દેદારો તથા પાટણના શ્રેષ્ઠીઓની ઉપસ્થિતિમાં સવારે ૧૦.૩૦ કલાકે પાટણ નગર પાલિકાના **પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ પટેલે ઉદ્‌ઘાટન** કરી **''શ્રી પાટણ જૈન મંડળ માર્ગ''**ને વિધિસર ખુલ્લો મુક્યો હતો. પ્રાસંગિક વક્તવ્યમાં પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે, પાટણથી દૂર રહીને પણ જૈન શ્રેષ્ઠીઓ માતૃભુમિ પાટણ માટે સહાનુભુતિથી સેવા કાર્યો કરે છે તે ખરેખર અનુમોદનીય અને પ્રસંશનીય છે. બી.ડી.એસ વિદ્યાલયમાં શિક્ષણ ઘડતર મેળવી હું આજે આ મુકામે પહોચ્યો છું જે માટે હું સદાય આ સંસ્થાનો ૠણી રહીશ. સાથે સાથે જણાવ્યું હતું કે સંસ્થા દ્વારા ચાલતા સેવા કાર્યમાં મારી જ્યાં પણ જરૂર હોય ત્યાં મને ચોક્કસ બોલાવશો.

સંસ્થાને આ ગૌરવ અપાવવા માટે ટ્રસ્ટી શ્રી ભરતભાઈ નેમચંદ શાહ અને કોર્પોરેટર શ્રી મનોજભાઈ પટેલના સક્રીય પ્રયાસોની સુખદ નોંધ લે છે અને તેઓ પ્રતિ આભારની લાગણી વ્યક્ત કરે છે.



''શ્રી પાટણ જૈન મંડળ માર્ગ'' નામકરણ પ્રસંગે મંડળના હોદ્દેદારો, ટ્રસ્ટીઓ તથા આમંત્રિત મહેમાનો

Printed & Published by CHANDRAVADAN SARABHAI SHAH on behalf of SHRI PATAN JAIN MANDAL and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industries, Dadaji Konddev Cross Road, Byculla, Mumbai-400027. And Published at 77, Patan Jain Mandal Marg, Marine Drive, Mumbai-400020.

**Editor : CHANDRAVADAN SARABHAI SHAH**

TO,